dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 34 । AD - 2026, Aso Vad-09 । Tuesday, Dt. 03-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ઓંગોલ નજીક આજે મોડી રાત્રે અથવા મંગળવારે વહેલી સવારે ટકરાવાની શક્યતા; ૧૧૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી

ચક્રવાત 'મુરાસુ' આંધ્રપ્રદેશના દરિયા કિનારે ત્રાટકશે

નવી દિલ્હી,તા.૦૨

તોફાન અનર્બ બાદ હવે બંગાળની ખાડીમાંથી ઉત્પન થયેલુ ચક્રવાત 'મુરાસુ' આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ ચક્રવાત આજે રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી મંગળવારે વહેલી સવારે ૪ વાગ્યાની વચ્ચે ઓંગોલ નજીક દરિયાકાંઠે ટકરાઈ શકે છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. સોમવારે સવારે ૫:૩૦ વાગ્યે ચક્રવાત ચેન્નઈથી ૨૦૦ અને નેલ્લોરથી ૨૧૦ કિલોમીટર દૂર હતું અને ૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું હતું. ચક્રવાતની અસર આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને ઓડિશામાં જોવા મળી રહી છે. આંધ્રપ્રદેશના નેલ્લોરના મયપાડુ બીચ પર દરિયામાં ઊંચાં મોજાં ઉછળી રહ્યાં છે અને ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. વિજયવાડા એરપોર્ટ પર સાવચેતીના ભાગરૂપે ૧૦ ફ્લાઇટ રદ કરવામાં આવી છે. રાજ્યમાં NDRFની ત્રણ ટીમો તૈનાત કરવામાં આવી છે. ચક્રવાતની સૌથી વધુ અસર બાપટલા, કૃષ્ણા અને પ્રકાશમ જિલ્લામાં થવાની આશંકા છે. તમિલનાડુમાં ચેન્નઈ, ચેંગલપટ્ટુ અને તિરુવલ્લુરમાં રવિવાર રાતથી વરસાદ પડી રહ્યો છે. ચેન્નઈમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન માધવરમમાં સૌથી



વધુ ૧૧ સેન્ટિમીટર વરસાદ નોંધાયો છે, જ્યારે એન્નોર પોર્ટ અને નુન્ગમ્બક્કમમાં ૧૦-૧૦ સેન્ટિમીટર વરસાદ પડ્યો છે. શહેરના ૨૨ સબવેમાંથી બેમાં પાણી ભરાઈ ગયાં છે. અનેક રસ્તાઓ પર પાણી ભરાતાં જનજીવન પ્રભાવિત થયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીના નિકાલ માટે પંપ અને ફિલ્ડ ટીમો તૈનાત કરવામાં આવી છે. શાળાઓ પણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

ઓડિશાના પુરી જિલ્લામાં સોમવાર સવારથી ભારે વરસાદ પડી રહ્યો છે અને દરિયામાં ઊંચાં મોજાં ઉછળી રહ્યાં છે. ગંજામ, ગજપતિ, રાયગડા, કોરાપુટ અને મલકાનગિરી જિલ્લામાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરાઈ છે. NDRF, ODRAF અને ઓડિશા ફાયર સર્વિસની ૩૦૦થી વધુ બચાવ ટીમો તૈનાત કરવામાં આવી છે. રાયગડા જિલ્લાના તમામ ૧૧ ફાયર સ્ટેશનની ટીમોને એલર્ટ રાખવામાં આવી છે.રાયગડા જિલ્લામાં ૨ નવેમ્બર સુધી યલો એલર્ટ અને ૩થી ૪ નવેમ્બર સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. નેશનલ હાઈવે-૩૨૬ પર ગુમ્મા ઘાટી અને મુકુંદપુર ઘાટીમાં સંભવિત અવરોધો દૂર કરવા JCB, એક્સકેવેટર અને હાઈડ્રા ક્રેન તૈયાર રાખવામાં આવી છે.

દરમિયાન NDRFની ચોથી બટાલિયનના ૯૦ જવાનો ધરાવતી ત્રણ ટીમોને તમિલનાડુના અરક્કોનમ નજીકથી આંધ્રપ્રદેશના નેલ્લોર, પ્રકાશમ અને માર્કાપુરમમાં રાહત અને બચાવ કામગીરી માટે રવાના કરવામાં આવી છે. ચક્રવાતની અસર મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કેરળ, તેલંગાણા, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં પણ જોવા મળી શકે છે. આ રાજ્યોમાં આગામી દિવસોમાં ભારે વરસાદની શક્યતાને પગલે વહીવટી તંત્રને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે.

રાજસ્થાનમાં હાઈટેન્શન વીજલાઈનને અડીજતા, કરંટ લાગતાં ૮ મજૂરોના મોત

ઝુંઝનૂં તા. ૦૨



રાજસ્થાનના ઝુંઝનૂં જિલ્લાના ઉદયપુરવાટી વિસ્તારના છાપોલી ગામમાં સોમવારે સવારે આશરે ૧૦ વાગ્યે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. રસ્તો બનાવવાની કામગીરી દરમિયાન હાઈટેન્શન વીજલાઈનનો કરંટ લાગતાં આઠ મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે પાંચ મજૂરો દાઝી જતાં તેમને ઉદયપુરવાટી સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.ઉદયપુરવાટી પોલીસ સ્ટેશનના અધિકારી રામપાલના જણાવ્યા અનુસાર, રસ્તાના કામ દરમિયાન કાંકરી મિક્સ કરવા માટે ઉપયોગમાં લેવાતું કોંક્રીટ મિક્સર મશીન ઉપરથી પસાર થતી હાઈટેન્શન વીજલાઈનના સંપર્કમાં આવી ગયું હતું. વીજલાઈનનો તાર મશીનના હાઈડ્રોલિક જેક સાથે અથડાતાં મશીનમાં વીજપ્રવાહ ફેલાયો હતો અને નજીકમાં કામ કરી રહેલા મજૂરો કરંટની ઝપેટમાં આવી ગયા હતા. આ દુર્ઘટનામાં હાલેડા માંડાવરા ગામના હરિરામ ગુર્જર (૩૦), મંગલચંદ ગુર્જર (૨૨), કાલુરામ ગુર્જર (૨૯) અને પવન ગુર્જર (૨૩) તેમજ છાપોલી ગામના વિષ્ણુ સૈની (૩૮), સુરેન્દ્ર ઉર્ફે સુરેશ સૈની (૩૦), મુકેશ સૈની (૨૭) અને ફતેહચંદ સૈની (૩૨)નાં મોત થયાં હતાં. આ કરુણ દુર્ઘટનાને પગલે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મૃતકો પ્રત્યે દુ:ખ વ્યક્ત કર્યું હતું અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

દિલ્હીમાં રાહુલ ગાંધીની રેલીથી ૨.૫ લાખ દુકાનો બંધ રહી, ૧૨,૦૦૦ કરોડનું નુકસાન થયાનો સીટીઆઈનો દાવો

નવી દિલ્હી,તા.૦૨



દિલ્હીના રામલીલા મેદાન ખાતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની આગેવાની હેઠળ યોજાયેલી વિપક્ષી પક્ષોની મેગા રેલીના કારણે દિલ્હીના વેપારીઓને ભારે આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (સીટીઆઈ) ના અધ્યક્ષ બ્રિજેશ ગોયલે દાવો કર્યો છે કે તહેવારોની મોસમમાં યોજાયેલી આ રેલીના કારણે વિવિધ બજારોની આશરે ૨,૫૦,૦૦૦ દુકાનો બંધ રહી હતી, જેનાથી વેપારીઓને રૂ.૧૦,૦૦૦ થી રૂ.૧૨,૦૦૦ કરોડનું મોટું નુકસાન થયું છે.

રામલીલા મેદાન અને મધ્ય દિલ્હીના વિસ્તારોમાં યોજાયેલી રેલી તથા કૂચના કારણે કલાકો સુધી ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. પરિણામે કાશ્મીરી ગેટ, ચાંદની ચોક, ભગીરથ પેલેસ, કરોલ બાગ, સદર બજાર અને કનોટ પ્લેસ સહિત ૨૫ મુખ્ય બજારોમાં ૮૦ ટકાથી વધુ દુકાનો બંધ રહી હતી અને ગ્રાહકો ન આવતાં વેપાર ઠપ્પ થઈ ગયો હતો.

આર્થિક ફટકો પડતાં વેપારીઓમાં કોંગ્રેસ અને વિપક્ષી પક્ષો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સીટીઆઈએ જણાવ્યું હતું કે તેમણે ૨૪ ઓક્ટોબરથી ૧ નવેમ્બર દરમિયાન રાહુલ ગાંધીને ચાર પત્રો લખીને તહેવારોના સમયે રેલી મુલતવી રાખવા અથવા સ્થળ બદલવાની વિનંતી કરી હતી. જોકે, તેમની રજૂઆત ધ્યાને ન લેવાતાં વેપારીઓને મોટું નુકસાન વેઠવું પડ્યું છે અને હવે તેઓ વળતરની માંગ કરી રહ્યા છે.



કુશીનગરમાં કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં ૬ લોકોના મોત

લખનૌ,તા.૦૨




ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લાના હટા કોતવાલી વિસ્તારમાં નેશનલ હાઈવે-૨૮ પર થરુઆડીહ નજીક ગઈકાલે મોડી રાત્રે સર્જાયેલા દર્દનાક માર્ગ અકસ્માતમાં ૬ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે ૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. લગ્ન સમારોહમાંથી પરત ફરી રહેલા કપ્તાનગંજ પોલીસ સ્ટેશન હેઠળના ભાલુહી ગામના એક જ પરિવારના સભ્યોની ઓમ્ની કાર ટ્રેલર સાથે ધડાકાભેર અથડાતાં આ દૂર્ઘટના સર્જાઈ હતી.

ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો કૂચડો વળી ગયો હતો અને તેમાં સવાર ૬ લોકોના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા બે લોકોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ગોરખપુર મેડિકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક દર્શાવવામાં આવી રહી છે.

બીજી તરફ, બારાબંકીના રામસેનેહી ઘાટ વિસ્તારમાં પણ પુરઝડપે આવતી એક એસયુવીએ બે મોટરસાયકલને ટક્કર મારતાં ૧૭ થી ૧૯ વર્ષની વયના ત્રણ યુવાનોના મોત નીપજ્યા હતા અને એક કિશોર ગંભીર રીતે ઘાયલ થયો હતો. અકસ્માત બાદ ઉશ્કેરાયેલા ગ્રામજનોએ હાઈવે જામ કરી કારચાલકને મેથીપાક આપ્યો હતો, જેને બાદમાં પોલીસે ઉગારી લીધો હતો.

આ ઉપરાંત, મથુરામાં યમુના એક્સપ્રેસ વે પર વહેલી સવારે બસો અને કાચ ભરેલા કેન્ટર વચ્ચે ત્રિપક્ષીય અકસ્માત સર્જાતાં અડધા ડઝનથી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. તંત્ર દ્વારા તમામ અકસ્માતો અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
મંગળવાર, તા.૦૩-૧૧-૨૦૨૬

ખેડૂતો, માલધારીઓ અને ભાગીયાઓને વળતરની માંગ સાથે 'આપ'નું કલેક્ટરને આવેદનપત્ર

અમરેલી,તા.૦૨



આમ આદમી પાર્ટી અમરેલી જિલ્લા દ્વારા ખેડૂતોને પાક નુકસાનીનું વળતર ચૂકવવા, માલધારીઓને પશુઓ માટે ઘાસચારો પૂરો પાડવા તેમજ ભાગીયાઓને પણ સરકાર તરફથી યોગ્ય વળતર આપવામાં આવે તેવી માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કમોસમી વરસાદ અને અન્ય પરિસ્થિતિઓના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે ત્યારે સરકાર દ્વારા અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના અમરેલી લોકસભા પ્રમુખ કાંતિભાઈ સતાસિયા, જિલ્લા પ્રમુખ રાહુલભાઈ હરખાણી, જિલ્લા મહામંત્રી હિરેનભાઈ વિરડીયા, પ્રદેશ સંગઠન મંત્રી નિકુંજ સાવલિયા, સુખાભાઈ વાળા, લોકસભા સંગઠન મંત્રી વનરાજભાઈ વાળા, ચંપુભાઈ વાળા, જિલ્લા પંચાયતના સભ્ય સહિત પાર્ટીના હોદ્દેદારો, કાર્યકરો અને મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા.

ધારીના પશુ દવાખાના વિસ્તારમાં આગ લાગતાં અફરાતફરી મચી

ધારી,તા.૦૨



ધારીના પશુ દવાખાના વિસ્તારમાં અગમ્ય કારણોસર આગ લાગવાની ઘટના બની હતી. રહેણાંક વિસ્તારમાં આગ લાગતાં આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, સ્થાનિક લોકોની મદદથી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. પશુ દવાખાના વિસ્તારમાં જાડી ઝાડી-ઝાંખરાનું પ્રમાણ વધુ હોવાથી આગે મોટું સ્વરૂપ ધારણ કર્યું હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. સદ્નસીબે મોટી ઘટના બનતા સહેજમાં અટકી હતી.

ખિજડીયા રાદડીયા જંકશન રોડ પર રામાપીરના મંદિરમાં ચોરી

અમરેલી,તા.૦૨

તસ્કરોએ હવે મંદિરોને નિશાન બનાવતા ભાવિકોમાં ભારે આક્રોશ

અમરેલીના ખિજડીયા રાદડીયા જંકશન રોડ પર આવેલા રામાપીરના મંદિરમાં ચોરી થઈ હતી. બનાવ અંગે જાદવભાઈ નાજાભાઈ ગળીયા (ઉં.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, કોઈ અજાણ્યો ચોર ઈસમ ખિજડીયા રાદડીયા જંકશન રોડ પર આવેલા રામાપીરના મંદિરના દરવાજાની ગ્રીલ પહોળી કરી, મંદિર અંદર રાખેલી દાનપેટીમાંથી અંદાજે રૂ. ૫,૦૦૦ની રોકડ રકમની ચોરી કરી ગયો હતો. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી. એસ.આઈ. જે. કે. પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

રાજ્યકક્ષાની હોકી સ્પર્ધામાં ગજેરા કેમ્પસની ટીમે મેળવ્યો રજત પદક

અમરેલી,તા.૦૨



સાપુતારા ખાતે યોજાયેલી SGFI રાજ્યકક્ષાની હોકી સ્પર્ધામાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની DLSS U-૧૭ ભાઈઓની હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરી રજત પદક મેળવ્યો હતો. રાજ્યના વિવિધ જિલ્લાઓની ટીમો વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં ગજેરા કેમ્પસની ટીમે ફાઈનલ સુધીની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. ખેલાડીઓની મહેનત, કોચની તાલીમ અને વાલીઓના સહયોગથી મળેલી આ સિદ્ધિને સંસ્થાએ બિરદાવી હતી.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા સહિતના હોદ્દેદારોએ વિજેતા ખેલાડીઓ અને કોચ અક્ષયભાઈ સોની, રુચિતભાઈ પટેલ તથા ટ્રેનર્સને અભિનંદન પાઠવ્યા હતા.


જિલ્લામાંથી વધુ બે યુવતી લાપતા બની

અમરેલી,તા.૦૨

પરિવારજનોએ સ્થાનિક પોલીસમાં જાણ કરતા તપાસ શરૂ કરાઈ

અમરેલી જિલ્લામાંથી વધુ બે યુવતી લાપતા બની હતી. લાઠીના દેરડી (જાનબાઈ) ગામે રહેતા ભરતભાઈ ભવાનભાઈ સાબળીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ક્રિષ્નાબેન (ઉ.વ.૧૮) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી છે. બીજા બનાવમાં બાબરામાં રહેતા ભરતભાઈ ઘોહાભાઈ દાણાવડીયા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ભુમીકાબેન (ઉ.વ.૨૦) વાડીએથી પાણી ભરવા જવાનું કહી નીકળ્યા બાદ પરત ફરી નહોતી.

ધારી મેઇન રોડ પર વરસાદી છાંટા વચ્ચે આખલાઓનું યુધ્ધ, લોકોમાં ભયનો માહોલ



ધારી શહેરના મેઈન રોડ ઉપર વરસાદના છાંટા વચ્ચે બે આખલાઓ વચ્ચે અચાનક યુધ્ધ જામ્યું હતું. જાહેર માર્ગ પર લોકોની અવરજવર ચાલુ હતી તે દરમિયાન બે આખલાઓ સામસામે આવી બાખડતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. દિવાળીના તહેવારના માહોલ વચ્ચે રસ્તા પર સર્જાયેલી આ ઘટનાને પગલે વાહનચાલકો અને રાહદારીઓમાં અફરાતફરી મચી હતી. આખરે સ્થાનિક લોકો એકત્ર થયા હતા અને ભારે જહેમત બાદ બંને આખલાઓને છૂટા પડાવી લોકોને રાહત અપાવી હતી.

દીપાવલીની રાત્રે સાવરકુંડલામાં 'ઈંગોરીયા યુધ્ધ' ખેલાશે

સાવરકુંડલા, તા.૦૨



સાવરકુંડલા શહેરમાં દીપાવલીની રાત્રે વર્ષોથી અનોખું ઈંગોરીયા યુધ્ધ ખેલાય છે. આશરે આઠ દાયકાથી ચાલી આવતી આ પરંપરા આજે પણ એ જ ઉત્સાહ અને જુસ્સા સાથે જળવાઈ રહી છે. આ અનોખી રમતને નિહાળવા માટે સૌરાષ્ટ્ર સહિત દૂરદૂરથી હજારો લોકો સાવરકુંડલા આવે છે. ઈંગોરીયું એક વૃક્ષનું ફળ છે, જે ચીકુ જેવું દેખાય છે. દિવાળી પહેલાં યુવાનો ગ્રામ્ય વિસ્તારોમાંથી ઈંગોરીયાં એકત્ર કરી સુકવે છે. ત્યારબાદ તેની છાલ કાઢી અંદર દારૂગોળાનું મિશ્રણ ભરી તૈયાર કરવામાં આવે છે. દિવાળીની રાત્રે સાવર અને કુંડલા એમ બે જૂથમાં વહેંચાયેલા યુવાનો સામસામે સળગતાં ઈંગોરીયાં ફેંકીને આગનું યુધ્ધ ખેલે છે. આ દ્રશ્યોમાં આગના ફુવારા, રોકેટ જેવી ગતિ અને યુવાનોની કીકીયારીઓથી વાતાવરણ રોમાંચક બની જાય છે. રાત્રે આશરે દસ વાગ્યાથી શરૂ થતી આ રમત સવાર સુધી ચાલે છે. સમયની સાથે ઈંગોરીયાંનાં વૃક્ષો ઘટતાં તેનું સ્થાન સી.ડી.એ લીધું અને હવે કોકડાંનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. માધ્યમ બદલાયાં છે, પરંતુ પરંપરાનો ઉત્સાહ યથાવત્ છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે. આગના આ અનોખા યુધ્ધ બાદ સવારે યુવાનો એકબીજાને ગળે મળીને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે અને આનંદભેર છૂટા પડે છે.

આઠ દાયકાથી ચાલી આવતી પરંપરા આજે પણ યુવાનોમાં એટલો જ ઉત્સાહ , આગના આ રોમાંચક યુધ્ધને નિહાળવા દૂરદૂરથી ઉમટે છે હજારો લોકો

પીઠવડી ગ્રામ પંચાયતમાં RTIની અરજી મુદ્દે કચેરીમાં તોડફોડ સાથે સામસામે મારામારી


સાવરકુંડલા,તા.૦૨



સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામની ગ્રામ પંચાયત કચેરીમાં RTIની અરજી મુદ્દે ભારે હોબાળો થયો હતો. વિકાસ કામો અને વર્ક ઓર્ડરની માહિતી માંગવા આવેલા નીતિનભાઈ પરશોત્તમભાઈ નડિયાદરા ઉપર આશરે આઠ શખ્સોએ લોખંડના પાઈપ અને ધોકા વડે હુમલો કરી મારામારી કરી હોવાનો આક્ષેપ થયો છે. આ દરમિયાન પંચાયત કચેરીમાં ટેબલ-ખુરશીઓની તોડફોડ થઈ હતી અને અરજદારને બટકા ભરી ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ સરપંચ ભૌતિક સુહાગીયાએ આક્ષેપ કર્યો હતો કે અરજદાર વારંવાર સરકારી કામોમાં ખલેલ પહોંચાડે છે. તલાટી દ્વારા RTIનો જવાબ રજિસ્ટર્ડ એડીથી મોકલાયો હતો અને બુધવારે દસ્તાવેજો જોવા જણાવાયું હતું. જોકે સોમવારે જ માહિતી માંગવા બાબતે બોલાચાલી થઈ હતી. હાલ બંને પક્ષે પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ છે.

સાવરકુંડલા APMCમાં મગફળીની બમ્પર આવક, એક જ દિવસમાં ૫૫ હજાર મણની આવકથી યાર્ડ છલકાયું

સાવરકુંડલા,તા.૦૨




સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં મગફળીની મબલખ આવક થતાં સમગ્ર યાર્ડ મગફળીના જથ્થાથી ઉભરાઈ ગયું છે. એક જ દિવસમાં અંદાજે ૫૫ હજાર મણ મગફળીની આવક નોંધાતા ખેડૂતોની મોટી ભીડ જોવા મળી હતી. મગફળીના ઢગલાથી યાર્ડમાં ચોતરફ જથ્થો જોવા મળી રહ્યો છે, જેના ડ્રોન વીડિયો પણ સામે આવ્યા છે. ખેડૂતો માટે રાહતની વાત એ છે કે સારી ગુણવત્તાની મગફળીના પ્રતિ મણ રૂ. ૧૬૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે. જોકે, વિપુલ આવકને કારણે યાર્ડમાં જગ્યા અને વ્યવસ્થાની સમસ્યા ઊભી થતાં APMC દ્વારા આગામી જાહેરાત ન થાય ત્યાં સુધી મગફળીની નવી આવક બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરિણામે ખેડૂતોમાં સારા ભાવની આશા વચ્ચે હાલ નવી આવક પર બ્રેક લાગી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૯

વડીયામાં રૂ. ૧.૧૮ કરોડના ખર્ચે PGVCLની આધુનિક કચેરી બનશે



વડીયા, તા.૦૨

અમરેલી જિલ્લાના વડીયા ખાતે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પી.જી.વી.સી.એલ.)ની નવીન આધુનિક પેટા વિભાગીય કચેરીના નિર્માણ કાર્યનું કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. ૧.૧૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારી આ આધુનિક કચેરીથી વડીયા અને આસપાસના વિસ્તારના હજારો વીજ ગ્રાહકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, વીજ કંપનીના અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે વડીયા ખાતે પી.જી.વી.સી.એલ.ની હાલની કચેરી વર્ષ ૧૯૮૭માં બનાવવામાં આવી હતી. લાંબા સમયથી ઉપયોગમાં રહેલી આ જૂની કચેરી જર્જરિત બની હોવાથી તેના સ્થાને નવીન અને આધુનિક સુવિધાઓથી સજ્જ કચેરી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વિકાસલક્ષી કામગીરી અંતર્ગત રૂ. ૧.૧૮ કરોડના માતબર ખર્ચે નવી વહીવટી કચેરીનું નિર્માણ કરવામાં આવશે. નવી કચેરીમાં વીજ ગ્રાહકોને જરૂરી વહીવટી કામગીરી માટે વધુ સાનુકૂળ વાતાવરણ અને આધુનિક સુવિધાઓ મળી રહેશે. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે વડીયા ખાતે નવીન પેટા વિભાગીય કચેરીનું નિર્માણ થવાથી સમગ્ર વિસ્તારના વીજ ગ્રાહકોને મોટો લાભ મળશે. આ કચેરી હેઠળ આવતા ૧૯ થી વધુ ગામોના અંદાજે ૧૮,૮૦૦ જેટલા વીજ ગ્રાહકોને સીધી રીતે આ સુવિધાનો લાભ પ્રાપ્ત થશે. વીજ ગ્રાહકોને પોતાની ફરિયાદો અને વીજળી સંબંધિત વહીવટી કામગીરી માટે સરળતા રહે તેમજ તેમની સમસ્યાઓનો સમયસર ઉકેલ આવે તે દિશામાં આ કચેરી મહત્વપૂર્ણ સાબિત થશે. નવીન કચેરીના માધ્યમથી વીજ ફરિયાદોનું ઝડપી નિવારણ લાવવા ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજસેવા પૂરી પાડવા માટે પણ વધુ સુગમતા રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા નાગરિકોને આધુનિક અને સુદ્રઢ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વીજળી આજના સમયમાં દરેક ક્ષેત્રની મહત્વપૂર્ણ જરૂરિયાત છે ત્યારે વીજ ગ્રાહકોને સમયસર સેવા અને તેમની ફરિયાદોનું ઝડપી નિરાકરણ મળે તે જરૂરી છે. વડીયાની આ નવીન કચેરી સમગ્ર પંથકના વિકાસમાં ઉપયોગી બની રહેશે. ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયતના હોદ્દેદારો, તાલુકા પંચાયતના હોદ્દેદારો તુષારભાઈ ગણાત્રા, હરેશભાઈ રાદડિયા, નયનભાઈ ચૌહાણ, રમણીકભાઈ પાઘડાળ સહિત આગેવાનો શૈલેષભાઈ ઠુંમર, રવજીભાઈ ચુડાસમા, પ્રતિકભાઈ હરખાણી, પથ્થુભાઈ મોગલ તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વડીયા પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરીના અધિકારીઓ એ.એસ. ચૌધરી, સી.સી. ડામોર સહિત કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા. નવીન કચેરીના નિર્માણથી વડીયા પંથકના વીજ ગ્રાહકોને વધુ ઝડપી, સરળ અને સુવિધાયુક્ત વીજસેવા મળવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે નવીન પેટા વિભાગીય કચેરીનું ખાતમુહૂર્ત : ૧૯થી વધુ ગામોના ૧૮,૮૦૦ વીજ ગ્રાહકોને મળશે આધુનિક સુવિધાઓ

માળીલામાં રામ અને શિવ મંદિરનો મુર્તિપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

અમરેલી,તા.૦૨

અમરેલી તાલુકાના માળીલા ગામે બિરાજમાન ભગવાન રામ અને શિવ મંદિરોના જીર્ણોધ્ધાર અને પુજારી માટે નિવાસસ્થાન બનાવવાનો સંકલ્પ પુર્ણ થતા સંવત ૨૦૮૨ ના કારતક સુદ ૧૩ ધન તેરસ ને શુક્રવાર તારીખ ૦૬-૧૧-૨૦૨૬ ના રોજ ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. લોકસંત પુ. મોરારીબાપુના સાનિધ્યમાં અને ગામના પનોતા પુત્ર દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ થશે. ૪ નવેમ્બરે બુધવારે સવારે સાડા આઠ વાગ્યે હેમાદ્રી પ્રાયશ્ચિત, વાસ્તુ હોમ, કુટીર હોમ અને સાંજે જલયાત્રા થશે. ૫ નવેમ્બરે ગુરુવારે ગણપતિપુજન, મુર્તિઓની નગરયાત્રા, જલાદિવાસ, સ્નપન વિધી અને ધાન્યાધિવાસ યોજાશે. ૬ નવેમ્બરે સવારે ધર્મસભા, બપોરે બાપુના વરદ હસ્તે પ્રતિષ્ઠા પુજન વિધી, ધ્વજા દંડ સ્થાપન અને યજ્ઞની પુર્ણાહુતિ થશે. ત્યારબાદ ભોજન પ્રસાદ રખાયો છે. યજ્ઞના આચાર્ય પાર્થભાઈ ત્રિવેદી રહેશે. ગુરુવારે રાત્રે દસ વાગ્યે લોકડાયરામાં માયાભાઈ આહિર, મનસુખભાઈ વસોયા અને અલ્પાબેન પટેલ લોક સાહિત્ય રજુ કરશે. વિજયબાપુ, વલકુબાપુ, શેરનાથબાપુ સહિત અનેક સંતો પધારશે.

મોરારીબાપુના પાવન સાનિધ્યમાં ૬ નવેમ્બરે ભવ્ય ધર્મોત્સવ યોજાશે

ધારીના ત્રંબકપુર ગામનો યુવક વિદેશી દારૂની ૬ બોટલ સાથે પકડાયો

અમરેલી, તા.૦૨

ધારીના ત્રંબકપુર ગામનો યુવક દુધાળા ગામથી તુલસીશ્યામ રોડ તરફ જવાના રસ્તે આવેલ ગીર ગાર્ડન હોટેલ પાસે વિદેશી દારૂની ૬ બોટલ સાથે પકડાયો હતો. પોલીસે ૨૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બગસરામાં બે સ્થળેથી ૯ લીટર દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

રાજુલામાં ચાર્જિંગમાં રાખેલા મોબાઈલની ચોરી

રાજુલા,તા.૦૨

રાજુલામાં ચાર્જિંગમાં રાખેલા મોબાઈલ ફોનની ચોરી થઈ હતી. બનાવ અંગે દશરથસિંહ ઝબ્બરસિંગ (ઉં.વ.૩૬)એ જાહેર કર્યા મુજબ, તેમણે તેમનો રૂ. ૧૯,૯૯૯ની કિંમતનો મોબાઈલ ફોન રૂમની બહાર ચાર્જિંગમાં રાખ્યો હતો, જેની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

ધારી-અમરેલી રોડ પર ઉભેલા ટ્રક પાછળ બાઈક ઘૂસતાં અકસ્માત

ધારી,તા.૦૨



ધારી-અમરેલી રોડ પર વેકરીયાપરા પાસે ગેટ નજીક સાઈડમાં ઊભેલા ટ્રક પાછળ પૂરપાટ ઝડપે આવતું બાઈક ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધારી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. બાઈક પૂરપાટ ઝડપે આવતું હોવાનો સ્થાનિક લોકોએ દાવો કર્યો હતો. બનાવ અંગે ધારી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ધારીના ગીગાસણ ગામે કૂવામાં પડેલા ઘોરખોદિયાનું બે દિવસ બાદ રેસ્ક્યુ

દલખાણિયા વનવિભાગની ટીમે ભારે જહેમત બાદ સુરક્ષિત બહાર કાઢી જંગલમાં મુક્ત કર્યું

ધારી,તા.૦૨

ધારીની દલખાણિયા રેન્જના ગીગાસણ ગામની સીમમાં આવેલા ખેતરના કૂવામાં પડેલા દુર્લભ વન્યપ્રાણી ઘોરખોદિયાને વનવિભાગની ટીમે બે દિવસની જહેમત બાદ સુરક્ષિત બહાર કાઢ્યું હતું. કૂવામાં વન્યપ્રાણી પડ્યાની જાણ થતાં વનવિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. શરૂઆતમાં તપાસ દરમિયાન પ્રાણી દેખાયું નહોતું, પરંતુ



તસવીર : સંજય વાળા

ખેડૂત દ્વારા પાડવામાં આવેલા ફોટોગ્રાફ્સના આધારે કૂવામાં ઘોરખોદિયું (હની બેજર) હોવાની જાણ થઈ હતી. રેસ્ક્યુ કામગીરી દરમિયાન કૂવામાં કોબ્રા સાપ પણ જોવા મળ્યો હતો. ઘોરખોદિયાએ કૂવામાં બખોલ બનાવી તેમાં સંતાઈ જતાં તેને બહાર કાઢવામાં મુશ્કેલી પડી હતી. જોકે, વનવિભાગની ટીમે સતત બે દિવસની કામગીરી બાદ તેને સુરક્ષિત બહાર કાઢ્યું હતું. ત્યારબાદ તબીબી તપાસમાં ઘોરખોદિયું સ્વસ્થ અને ઈજામુક્ત જણાતાં તેને કુદરતી રહેઠાણ એવા જંગલમાં મુક્ત કરવામાં આવ્યું હતું

જાફરાબાદમાં સરદાર પટેલની જન્મજયંતિએ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાઈ

જાફરાબાદ,તા.૦૨

જાફરાબાદમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે નગરપાલિકા અને શહેર ભાજપ પરિવાર દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. નગરપાલિકા પ્રમુખ રવિનાબેન પ્રફુલભાઈ બારૈયાના નેતૃત્વમાં પારેખ એન્ડ મહેતા હાઈસ્કૂલથી એકતા રેલી શરૂ થઈ હતી, જે શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ ટાઉનહોલ ખાતે પૂર્ણ થઈ હતી. આ પ્રસંગે અધિકારીઓ, પદાધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, વેપારીઓ અને મોટી સંખ્યામાં નગરજનોએ ભાગ લીધો હતો. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લીધા હતા. રેલી બાદ દીપપ્રાગટ્ય, સન્માન સમારોહ અને વડાપ્રધાનના ઉદબોધનનું પ્રસારણ યોજાયું હતું.

નગરપાલિકા દ્વારા ભગુભાઈ સોલંકી, ઈકબાલ સાહેબ, શશીકલાબેન, રમેશભાઈ ચુડાસમા અને નીમુબેનનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણના વિચારોને યાદ કરાયા હતા.

અમરેલીના દેવરાજીયા ગામમાં દુકાનમાંથી વેફર અને પાન-માવાના પડીકાની ચોરી

અમરેલી, તા.૦૨

અમરેલીના દેવરાજીયા ગામમાં દુકાનમાંથી વેફર તથા પાન-માવાના પડીકાની ચોરી થઈ હતી. આ અંગે અમીતભાઈ હસુગીરી ગોસાઈ (ઉં.વ.૩૪)એ સંજયભાઈ ભીખાભાઈ દાફડા તથા મનિષભાઈ માણસુરભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, દેવરાજીયા ગામે ભોળાનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરની બાજુમાં પાન-માવાની દુકાન આવેલી છે, જે દુકાનમાં સંજયભાઈ દાફડાએ રાત્રિના સમયે પ્રવેશીને ટેબલના ખાનામાં રાખેલા પાન-માવાના ૩ પડીકા (જેની કિંમત અંદાજે રૂ. ૭૬૦) તથા વેફરના ૩ થી ૪ પટ્ટા (જેની કિંમત અંદાજે રૂ. ૩૦૦) મળી કુલ રૂ. ૧,૦૬૦ના મુદ્દામાલની ચોરી કરી હતી.

આ દરમિયાન મનિષભાઈએ દુકાનની બહાર રેકી કરી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી. ડી. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

લાઠીના માલવીયા પીપરીયા ગામે વાડીના ઝાંપેથી બાઈકની ઉઠાંતરી

લાઠી,તા.૦૨

લાઠીના માલવીયા પીપરીયા ગામે વાડીના ઝાંપેથી બાઈકની ઉઠાંતરી થતાં ચકચાર મચી ગઈ હતી.

બનાવ અંગે હિતેશભાઈ મનસુખભાઈ સાપરા (ઉં.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમણે પોતાનું રૂ.૨૦,૦૦૦ની કિંમતનું બાઈક સરકારી પીપળવા ગામે રામપર રોડ પર આવેલી તેમના મામા ભુપતભાઈ રામજીભાઈ મકવાણાની વાડીના ઝાંપે રાખ્યું હતું, જેની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.










અમરેલી જિલ્લાના ૬૪૪ ગામો હવે CCTV કેમેરાની નજર હેઠળ

SP સંજય ખરાતના 'પ્રોજેક્ટ ઇગલ આઈ'થી ગ્રામ્ય સુરક્ષાને મળ્યું નવું બળ

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાંથી મોટી સંખ્યામાં યુવાવર્ગ રોજગારીની શોધમાં સુરત, અમદાવાદ, રાજકોટ અને વડોદરા જેવા મોટા શહેરોમાં સ્થળાંતર કરી રહ્યો છે. પરિણામે, ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગે વૃધ્ધ નાગરિકો વસવાટ કરે છે, જ્યારે ખેતીકામ માટે અન્ય રાજ્યો અને વિસ્તારોમાંથી ખેતમજૂરો આવતા હોય છે. ગામડાંઓમાં યુવાનોની ગેરહાજરીને કારણે રાત્રિના સમયે ચોરી, લૂંટ અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓનો ભય રહેતો હોય છે. આવી પરિસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવા તથા નાગરિકોમાં સુરક્ષાની ભાવના કેળવવાના હેતુથી અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા 'પ્રોજેક્ટ ઈગલ આઈ' શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટના પરિણામે હવે જિલ્લાના તમામ ૬૪૪ ગામો સીસીટીવી કેમેરાના નેટવર્કથી આવરી લેવાયા છે.ગ્રામીણ વિસ્તારોમાં સુરક્ષાનું મજબૂત માળખું ઊભું કરવા માટે આ પ્રોજેક્ટનું બે તબક્કામાં અમલીકરણ કરવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કામાં જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન જિલ્લાના ૧૯૪ મહત્વપૂર્ણ જંકશન પર ૬૪૯ ઉચ્ચ ગુણવત્તાવાળા વાઈ-ફાઈ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ કામગીરીની સફળતા બાદ સમગ્ર ગ્રામ્ય વિસ્તારને સુરક્ષાના દાયરામાં આવરી લેવાના હેતુથી ઓગસ્ટ-૨૦૨૫ થી ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન 'પ્રોજેક્ટ ઈગલ આઈ-૨' અમલમાં મૂકવામાં આવ્યો હતો.બીજા તબક્કામાં માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં જિલ્લાના તમામ ૬૪૪ ગામોનો સર્વે પૂર્ણ કરીને કુલ ૪,૭૨૬ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ અંતર્ગત સરેરાશ દરેક ગામમાં સાતથી આઠ ઉચ્ચ ગુણવત્તાવાળા



કેમેરા કાર્યરત કરવામાં આવ્યા છે. ગામોના મુખ્ય પ્રવેશ અને બહાર નીકળવાના માર્ગો, ગ્રામ પંચાયત કચેરી, સરકારી શાળાઓ, મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક શેરીઓ જેવા સંવેદનશીલ વિસ્તારોને કેમેરાના આવરણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.આ નેટવર્કના કારણે ગામમાં ચોરી, લૂંટ કે અન્ય ગુનાહિત બનાવ બને ત્યારે શંકાસ્પદ વ્યક્તિઓ અને વાહનોની અવરજવર સરળતાથી શોધી શકાશે. ખાસ કરીને અવાવરું સ્થળો કે વાડી વિસ્તારમાં બનતા ગુનાઓની તપાસમાં પોલીસને મહત્વપૂર્ણ પુરાવા મળી શકશે અને ગુનેગારો સુધી ઝડપથી પહોંચવામાં મદદ મળશે.આ સમગ્ર પ્રોજેક્ટ જાહેર જનતા અને પોલીસ વચ્ચેના સહયોગનું ઉત્તમ ઉદાહરણ બન્યો છે. ગ્રામજનો, સ્થાનિક આગેવાનો, ઉદ્યોગપતિઓ અને દાતાઓએ સ્વૈચ્છિક રીતે આર્થિક સહયોગ આપીને કેમેરા સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સહયોગ આપનાર દાતાઓના સન્માન માટે કેમેરા પોઈન્ટ પર તેમની નામ તકતીઓ લગાવવામાં આવી છે તેમજ સરપંચો અને દાતાઓને સન્માનપત્ર આપવામાં આવ્યાં છે.કેમેરાના મોનિટરિંગ અને જાળવણીની જવાબદારી ગ્રામ પંચાયત કચેરી મારફતે સ્થાનિક સરપંચ, તલાટી મંત્રી, સામાજિક આગેવાનો અને અમરેલી જિલ્લા પોલીસના સંયુક્ત સહયોગથી નિભાવવામાં આવશે. સમગ્ર નેટવર્કનું સીધું એક્સેસ પોલીસને પણ આપવામાં આવશે. આમ, 'પ્રોજેક્ટ ઈગલ આઈ'ના માધ્યમથી અમરેલી જિલ્લાના તમામ ગામોમાં સુરક્ષાનું આધુનિક માળખું ઊભું થતાં ગ્રામજનોમાં સલામતીની ભાવના મજબૂત બનશે.

સાવરકુંડલામાં પત્ની સ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારી સાથે જતી રહી હોવાની પતિને શંકા

શંકાના આધારે પતિએ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલામાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જેમાં પત્ની સ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારી સાથે જતી રહી હોવાની શંકા દર્શાવી પતિએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, યુવકની પત્ની બે દિવસ પહેલાં સવારે શાળાએ જવા નીકળી હતી અને ત્યાંથી બપોરે આશરે ત્રણેક વાગ્યે સ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારી સાથે જતી રહી હોવાની શંકા છે. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે સિંચાઈનું મશીન કાઢવાનું કહેતાં માથાકૂટ

જાફરાબાદ,તા.૦૨

જાફરાબાદના મીઠાપુર ગામે તળાવમાંથી સિંચાઈ માટે મૂકેલું પાણી કાઢવાનું મશીન હટાવવાનું કહેતાં માથાકૂટ થઈ હતી. બનાવ અંગે અશોકભાઈ સુખાભાઈ મકવાણા (ઉં.વ.૨૫) એ છનાભાઈ પાંચાભાઈ મકવાણા, લાલાભાઈ છનાભાઈ મકવાણા તથા સંજયભાઈ છનાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, આરોપીઓએ તેમની વાડીની બાજુમાં આવેલા તળાવમાંથી પાણી કાઢવા સિંચાઈ માટે મશીન મૂક્યું હતું.

જેથી અશોકભાઈએ છનાભાઈ મકવાણાને તે મશીન બંધ કરી કાઢી લેવાનું કહ્યું હ તુ ં. આ વાતનું મનદુઃખ રાખી અશોકભાઈ તથા તેમના ભાઈ વાડીએથી ઘરે આવતા હતા, તે દરમિયાન આરોપીઓએ રસ્તામાં તેમને રોકીને કહ્યું હતું કે, 'તેં શું કામ આપણા ગામના સરપંચને ફોન કરીને તળાવમાંથી અમારું મશીન કાઢવાનું કહ્યું?' તેમ કહી આરોપીઓ તેમને ગાળો આપવા લાગ્યા હતા. ઉપરાંત લાકડાના હાથાવાળી કુહાડીથી શરીરે માર મારી મૂંઢ ઈજાઓ કરી હતી તેમજ લાકડીનો એક ઘા માથાના ભાગે મારી મૂંઢ ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. વી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

સાવરકુંડલા તાલુકાના સેંજળ ગામે પરિણીતા પર સાસરિયાનો અત્યાચાર

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલાના સેંજળ ગામે પરિણીતા પર સાસરિયાએ અત્યાચાર ગુજાર્યો હતો. હાલ સાવરકુંડલામાં રહેતા કિરણબેન કાનુભાઈ સોલંકી (ઉં.વ. ૨૩)એ સેંજળ ગામે વાડી વિસ્તારમાં ડેમ નીચે રહેતા પતિ આકાશભાઈ ચિમનભાઈ ચુડાસમા, સસરા ચિમનભાઈ લવજીભાઈ ચુડાસમા તથા સાસુ પ્રવીણાબેન ચિમનભાઈ ચુડાસમા સામે શારીરિક-માનસિક ત્રાસ આપી, ગાળો બોલી તેમજ શરીરે ઢીંકાપાટુનો મૂંઢમાર માર્યાની ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત, સાસુ-સસરા ઘરકામ અને કરિયાવર બાબતે મેણા-ટોણા મારતા હતા. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

વડિયા તાલુકાના દેવળકી ગામની સીમમાં ચાલુ બાઈકે થૂંકવું ભારે પડ્યું

બાઈકનું સંતુલન ખોતાં ઈજાગ્રસ્ત માતાનું મોત

વડિયા, તા.૦૨

વડિયાના દેવળકી ગામની સીમમાં ચાલુ બાઈકે થૂંકવું યુવકને ભારે પડ્યું હતું. બનાવ અંગે જાહેર થયેલી વિગત પ્રમાણે, પાર્થ ટોળીયા (ઉં.વ.૨૦) પોતાના માતા કાળીબેન ભુપતભાઈ ટોળીયા (ઉં.વ.૫૦)ને પગમાં દુખાવાની બીમારી હોવાથી જેતપુરની હોસ્પિટલમાં બતાવીને પરત પોતાના ગામે આવી રહ્યા હતા. દેવળકી ગામની સીમ વિસ્તારમાંથી પસાર થતી વખતે પાર્થ ચાલુ ગાડીએ થૂંકવા જતાં મોટરસાઈકલ પરનું સંતુલન ગુમાવી બેસતાં બાઈક સ્લીપ થઈ ગયું હતું. જેથી બંને નીચે પડી જતાં કાળીબેનને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને નાકમાંથી લોહી નીકળવા લાગ્યું હતું.

તેમને પ્રથમ જેતપુર સરકારી દવાખાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. એસ. એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં અકસ્માતની ત્રણ ઘટના: ૪ થી વધુ ઈજાગ્રસ્ત

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં અકસ્માતની ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે.પ્રથમ બનાવ સાવરકુંડલામાં રહેતા મોદીભાઈ ગીગાભાઈ પરમાર (ઉં.વ. ૩૯) એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો બાઢડા ગામે સાવરકુંડલા-મહુવા હાઈવે પર આવેલી સૂર્ય કૃપા હોટેલેથી દૂધ લઈને પરત આવતો હતો, ત્યારે શિવ કોટન મિલ પાસે પહોંચતાં કાર ચાલકે તેને ટક્કર મારી હતી. જેમાં તેને માથાના પાછળના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા તથા શરીરે મૂંઢ ઈજાઓ થઈ હતી. બીજો બનાવ અમરેલીમાં રહેતા પ્રિતેશભાઈ પ્રાગજીભાઈ પટોળીયા (ઉં.વ. ૨૬)એ જાહેર કર્યા મુજબ, અમરેલી-ધારી રોડ પર કારગિલ પેટ્રોલ પંપ પાસે ફોર-વ્હીલર ચાલકે તેમના બુલેટને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમને પગમાં ૧૭ થી ૧૮ ટાંકા આવ્યા હતા તથા ફેક્ચર થયું હતું. જ્યારે તેમની સાથેના પીયુષભાઈને ફેક્ચર તેમજ છોલાણ ઈજા થઈ હતી અને દેવાભાઈને પણ ઈજા પહોંચાડી કાર ચાલક ગાડી મૂકીને નાસી ગયો હતો.ત્રીજો બનાવ સાવરકુંડલામાં રહેતા ગૌતમભાઈ માલજીભાઈ ખુમાણ (ઉં.વ.૫૭) એ અજાણ્યા રિક્ષા ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા ભાઈ જયંતીભાઈ માલજીભાઈ (ઉં.વ. ૮૨) માર્કેટિંગ યાર્ડના ફાટક પાસે ચાલીને રોડ ક્રોસ કરી રહ્યા હતા, તે દરમિયાન અજાણ્યા રિક્ષા ચાલકે ટક્કર મારતાં તેઓ જમીન પર પડી ગયા હતા. જેમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા તથા ડાબા હાથમાં તેમજ શરીરે છોલાણ ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી રિક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ
તા.૦૩-૧૧-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૩૪,
સૂર્યાસ્ત-૦૫:૩૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

દૈનિક રાશિફળ

તા.૦૩-૧૧-૨૦૨૬ મંગળવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર: લવ મેરેજ ઇચ્છુક માટે સમય અનુકૂળ છે. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભ: ઇચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

ધારીના લાખાપાદરમાં પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી

ધારી, તા.૦૨

ધારી ખાતે યોજાયેલા ખેડૂતલક્ષી કાર્યક્રમમાં કન્યા શાળાની દીકરીઓએ કુમકુમ તિલક કરી ઉપસ્થિત મહાનુભાવોનું પરંપરાગત રીતે સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેતીક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બનનારા ભીમજીભાઈ કુંભાણી, બેચરભાઈ ચાવડા, હરગોવિંદભાઈ



તેરૈયા, નિખિલભાઈ કાબરીયા, નિકુલભાઈ કાથરોટીયા અને યુનુશભાઈ ગગનિયાનું સન્માન કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રકાશભાઈ કારીયાએ સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ સરકારી યોજનાઓનો લાભ ગામડાંના છેવાડાના ખેડૂતો સુધી પહોંચે તે માટે સૌએ જાગૃતિ કેળવવા અને ખેડૂતોને માર્ગદર્શન આપવા ભાર મૂક્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષક જયરાજભાઈ માંજરીયાએ કર્યું હતું.

જાફરાબાદના ટીબી ગામે ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૦૨

જાફરાબાદના ટીબી ગામે ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપવાનો બનાવ બન્યો હતો. આ અંગે નીમુબેન રમેશભાઈ વેગડ (ઉ.વ.૩૫)એ હરજીભાઈ ડાયાભાઈ સરવૈયા (ઉ.વ.૩૪) સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, નીમુબેનનો દીકરો કેવલ અને તેનો મિત્ર પિયુષસિંહ ઘરની બહાર ઓનલાઈન ખરીદી અંગે વાતચીત કરતા હતા. જે-તે વખતે આરોપી હરજીભાઈએ કેવલ અને તેના મિત્ર પિયુષસિંહ પાસે વાપરવા માટે પૈસા માગ્યા હતા, પરંતુ તેમણે પૈસા ન આપતાં હરજીભાઈને સારું લાગ્યું નહોતું. આથી તેમણે ધારદાર ડિસમિસ બતાવી દીકરા કેવલ તથા તેના મિત્ર પિયુષસિંહ સાથે ઝઘડો કર્યો હતો અને જેમ-ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે નાગેશ્રી પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.ડી. ઝણકાટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરાના વાવડી ગામેથી યુવતી લાપતા

બાબરા,તા.૦૨

બાબરાના વાવડી ગામેથી યુવતી લાપતા બની હતી. હિતેષભાઈ ભીખાભાઈ કોલડીયા (ઉ.વ. ૪૨)એ જાહેર કર્યા મુજબ તેમની દીકરી તેજસ્વી (ઉ.વ.૨૧) ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. શોધખોળ કરવા છતાં ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.બી. પાનસુરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

બગસરામાં બે સ્થળેથી ૧૦ ખેલી રૂ.૨૬,૫૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા

૧૦ જુગારીઓ સામે પોલીસે જુગારધારા હેઠળ ગૂનો નોંધી કાર્યવાહી હાથ ધરી

બગસરા,તા.૦૨

બગસરામાં બે સ્થળેથી ૧૦ ખેલી રૂ. ૨૬,૫૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જૂની નગરપાલિકા પાસેથી રફીકભાઈ કાસમભાઈ કાળવાતર, અશોકભાઈ નનકુભાઈ ખદનપરા, મહેશભાઈ કાનજીભાઈ કટેશીયા, અલ્તાફભાઈ બોદુભાઈ કચરા તથા હરેશભાઈ વીરજીભાઈ ડાભી જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે





તસવીર : મયુર પંડ્યા

તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૬,૧૦૦ સાથે પકડાયા હતા. જ્યારે બીજી જગ્યાએથી અમીતકુમાર જેન્તીલાલ માલવીયા, અમીનભાઈ રસુલભાઈ શાહમદાર, મહમદભાઈ હુસેનભાઈ ચાનીયા, ઈકબાલશા રમજુશા શાહમદાર તથા શૈલેષભાઈ લાલજીભાઈ શેખવા જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૪૮૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. ડી. ભીલ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

ઈલેક્ટ્રિક વાહનો : વિકાસની નવી દિશા, પ્રદૂષણમુક્ત ભવિષ્યની આશા

આવતીકાલની દુનિયામાં વાહનની ઓળખ તેના એન્જિનના અવાજથી નહીં, પરંતુ તેની કાર્યક્ષમતા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીથી થશે. દુનિયા જ્યારે ઊર્જાના નવા વિકલ્પો શોધી રહી છે ત્યારે ઈલેક્ટ્રિક કારનું આગમન પરિવહન ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન બની રહ્યું છે. પેટ્રોલ અને ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવી, હવાનું પ્રદૂષણ ઓછું કરવું અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ વધારવો હોય તો ઈલેક્ટ્રિક વાહનો તરફ આગળ વધવું સમયની માંગ બની છે.

ઈલેક્ટ્રિક કારમાં પરંપરાગત એન્જિનને બદલે ઈલેક્ટ્રિક મોટર હોય છે. તેમાં રહેલી રિચાર્જ કરી શકાય તેવી બેટરી વીજળીનો સંગ્રહ કરે છે અને મોટરને ઊર્જા પૂરી પાડે છે. આથી વાહન ચલાવતી વખતે ધુમાડો બહાર નીકળતો નથી. પેટ્રોલ પંપ પર જવાની જગ્યાએ ઘર કે જાહેર ચાર્જિંગ સ્ટેશન પર વાહન ચાર્જ કરી શકાય છે. અનેક મોડેલમાં બ્રેક મારતી વખતે ઊર્જાનો અમુક ભાગ ફરી બેટરીમાં સંગ્રહિત કરવાની ટેક્નોલોજી પણ ઉપલબ્ધ છે. આ વ્યવસ્થાને રિજનરેટિવ બ્રેકિંગ કહેવામાં આવે છે.

ભારતમાં આ પરિવર્તન હવે સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૬ની શરૂઆતમાં પ્રકાશિત થયેલા વાહન નોંધણીના આંકડા મુજબ, ઓક્ટોબર મહિનામાં દેશમાં ઈલેક્ટ્રિક કારનું વેચાણ વધીને ૩૫,૭૭૭ વાહનો થયું હતું. ગયા વર્ષના ઓક્ટોબરમાં આ આંકડો ૧૮,૦૫૫ હતો. એટલે કે એક વર્ષમાં વેચાણ લગભગ બમણું થયું છે. કુલ પેસેન્જર કારના વેચાણમાં ઈલેક્ટ્રિક કારનો હિસ્સો પણ ૩.૨ ટકાથી વધીને આશરે ૭ ટકા થયો છે. આ આંકડા દર્શાવે છે કે ગ્રાહકોમાં નવી ટેક્નોલોજી પ્રત્યે વિશ્વાસ વધી રહ્યો છે.

ગુજરાત માટે આ ક્ષેત્રમાં નવી ઔદ્યોગિક તકો ઊભી કરવાની વિશેષ સંભાવના છે. રાજ્યમાં સોલાર અને પવન ઊર્જાના વિકાસ સાથે ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન, બેટરી બનાવટ, ચાર્જિંગ સ્ટેશન અને વાહન જાળવણીના ક્ષેત્રમાં રોકાણ વધી શકે છે. ધોલેરા, અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા ઔદ્યોગિક વિકાસ સાથે જોડાયેલા વિસ્તારોમાં આ ક્ષેત્રને અનુરૂપ કુશળતા અને રોજગારીની તકો વિકસાવી શકાય છે. યુવાનોને ઈલેક્ટ્રિક વાહનોની ટેક્નિકલ તાલીમ આપવામાં આવે તો ભવિષ્યમાં આ ક્ષેત્ર રોજગારીનું મહત્ત્વપૂર્ણ માધ્યમ બની શકે છે. ઈલેક્ટ્રિક વાહનોનો સ્વીકાર કરતી વખતે ગ્રાહકોએ પણ સમજદારીપૂર્વક નિર્ણય લેવો જોઈએ. કાર ખરીદતાં પહેલાં તેની બેટરીની ગેરંટી, ચાર્જિંગ સમય, એક ચાર્જમાં મળતું અંતર, સર્વિસની ઉપલબ્ધતા અને લાંબા ગાળાના ખર્ચની માહિતી મેળવવી જોઈએ. દરેક વ્યક્તિ માટે એક જ પ્રકારનું વાહન યોગ્ય હોય એવું નથી. મુસાફરીની જરૂરિયાત અને આર્થિક ક્ષમતા પ્રમાણે પસંદગી કરવી જોઈએ.

આખરે, ઈલેક્ટ્રિક કારને માત્ર આધુનિક સુવિધા કે પ્રતિષ્ઠાનું પ્રતીક ગણવાને બદલે તેને ભવિષ્યના જવાબદાર પરિવહનના વિકલ્પ તરીકે જોવી જોઈએ. સરકારની નીતિ, ઉદ્યોગોની નવીનતા, સંશોધકોની મહેનત અને નાગરિકોની જાગૃતિ એકસાથે જોડાય તો ભારત આ ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે છે. વિકાસની સાચી સફળતા ત્યારે જ ગણાય જ્યારે ટેક્નોલોજી માનવજીવનને સરળ બનાવવાની સાથે પ્રકૃતિનું જતન પણ કરે. ઈલેક્ટ્રિક વાહનોની સફર માત્ર રસ્તા પર આગળ વધતી કારની સફર નથી, પરંતુ સ્વચ્છ, સમૃધ્ધ અને ઊર્જાસક્ષમ ભારત તરફ આગળ વધતું એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

દિવાળીનો સંદેશ, ભયમુક્ત થઇ સ્વધર્મ નિભાવવાનો ઉત્સવ

પ્રાસંગિક
સુરેશ દેસાઇ

ઉત્સવોની હારમાળામાં દિવાળીનું સ્થાન સૌથી તેજસ્વી છે, કારણ કે તે પ્રકાશનો ઉત્સવ છે, પરંતુ આ પ્રકાશ માત્ર માટીના કોડિયાનો નથી, આ પ્રકાશ આત્માનો છે. જ્યારે ચારે બાજુ રોશની ઝગમગે છે ત્યારે માણસે પોતાની જાતને એક પ્રશ્ન પૂછવો જોઈએ કે મારી અંદર કેટલું અજવાળું છે. અંદર જો ભયનો અંધકાર ભર્યો હશે તો બહારની લાખ રોશની પણ જીવનને ઉજાળી શકશે નહીં. જીવનમાં સફળતા અને બળ મેળવવું હોય તો માણસે આત્મિક સત્ય સ્વરૂપ બનવું પડશે. આત્મિક સત્ય એટલે પોતાની જાત સાથે દગો કર્યા વગર જીવવું, પોતાના અંતરાત્માના અવાજને સાંભળીને જીવવું. આ માટે સૌ પ્રથમ જરૂર છે અભય બનવાની. ભય માણસની સૌથી મોટી બેડી છે. આપણે નિષ્ફળ જઈશું તો, લોકો હસશે તો, કામ બગડશે તો એવા અનેક તો ના ભયથી આપણે કોઈ નવું પગલું ભરતા જ નથી. આ ભયને જીતવા માટે આત્મનિરીક્ષણ જેવું બીજું કોઈ શસ્ત્ર નથી. દિવાળી પહેલા આપણે ઘરનો ખૂણો ખૂણો સાફ કરીએ છીએ, એમ જ દિવાળીના આ પવિત્ર દિવસોમાં મનના ખૂણામાં પડેલા ભયના જાળાને પણ સાફ કરવા જોઈએ. પોતાની જાતને પૂછો કે મારા કયા કાર્યને નિરાશા ઘેરી વળે છે અને તેની પાછળ કયો ભય રહેલો છે. એ ભયને ઓળખીને તેને મનમાંથી કાઢી મૂકવાની હિંમત કેળવો તો જ નવા વર્ષમાં નવી સફળતા મળશે. માણસના જીવનને સાચા અર્થમાં સમૃધ્ધ બનાવનાર છ સ્તંભ છે,

આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન, આત્મસંયમ, આત્મશ્રધ્ધા, આત્મશક્તિ અને આત્મિક સત્ય સ્વરૂપ જીવન. આ છ સ્તંભ ઉપર જ પરાક્રમનો પાયો રચાય છે. જ્યારે આ પાયો મજબૂત હોય ત્યારે કોઈ પણ તોફાન મકાનને હલાવી શકતું નથી. આત્મવિશ્વાસ કોઈ દુકાનમાં મળતો નથી, તે તો કર્મથી પ્રગટે છે. જે કામથી તમે સૌથી વધુ ડરો છો એ જ કામને દિવાળીના શુભ દિવસે સંકલ્પ તરીકે હાથમાં લો. શરૂઆતમાં નાની સફળતા મળશે, એ નાની સફળતા મોટા આત્મવિશ્વાસમાં ફેરવાશે અને ધીમે ધીમે તમે અભય બની જશો. સ્વામી વિવેકાનંદનો સંદેશ આજે દિવાળીના ઉત્સવમાં વધુ પ્રસ્તુત બને છે. તેમણે કહ્યું હતું કે અભય, આત્મવિશ્વાસ અને આત્મિક સત્ય જેવો કોઈ સાચો મિત્ર નથી. આ ત્રણ મિત્રો હોય તો માણસ ભવિષ્યની ઉન્નતિની સીડી સરળતાથી ચડી જાય છે. આપણી સૌથી મોટી નબળાઈ એ છે કે આપણે સતત વિચારીએ છીએ કે બીજા આપણા વિશે શું કહેશે. આ વિચારને દિવાળીની સાથે જ બાળી નાખો. બીજા કરે છે એટલે મારે પણ કરવું એવી ઘેટાંશાહીમાંથી બહાર નીકળો. તમે ચિન્મય છો, તમે ચેતન છો, તમારી પાસે તમારી પોતાની બુદ્ધિ છે, તમારું પોતાનું મન છે, તમારું પોતાનું ચિત્ત છે. તેને શુદ્ધ, સંતુલિત અને સમતાયુક્ત બનાવીને વર્તો એ જ સત્ય ધર્મ છે.

દિવાળીનો સાચો આનંદ ત્યારે જ આવશે જ્યારે તમે તમારી માનસિકતાને નવો આયામ આપશો. નવો આયામ એટલે જૂના ભય, ભ્રમ અને શંકાને છોડીને નવા પ્રેમ, સત્ય અને અભયનો સ્વીકાર. પોતાના સ્વભાવ અનુસાર, પોતાના સત્યના માર્ગે, આત્મશ્રધ્ધાપૂર્વક અભય બનીને ચાલ્યા કરવું. રસ્તામાં મુશ્કેલીઓ આવશે, પરંતુ સત્યના આધારે કરેલો પુરુષાર્થ ક્યારેય વ્યર્થ જતો નથી. પાછું વળીને જોશો નહીં, દ્રષ્ટિ આગળ રાખો. અભય બનીને જીવો અને આત્મિક સત્ય સ્વરૂપ થઈને પુરુષાર્થ કરો એ જ જીવન છે અને એ જ દિવાળીના ઉત્સવને ઉજવવાનો સાચો અર્થ છે. જ્યાં ભયનો અંત છે ત્યાં જ દિવાળીનો સાચો પ્રારંભ છે.



આ સપ્તાહે દિવાળીના શુભ ઉત્સવનો પ્રારંભ થઇ ગયો છે, ત્યારે માનવીએ પોતાના મનની આશંકાઓ ભય અને નકારાત્મક ભાવને દૂર કરીને પોતાના કાર્યોને સર્વોત્તમ રીતે કરવાનો જો સંકલ્પ કરીએ તો દિવાળીનો ઉત્સવ સમગ્ર વર્ષ દરમિયાન યથાવત રહે. દિવાળી દર વર્ષે આવે છે. દર વર્ષે આપણે સંકલ્પો કરીએ છીએ, પરંતુ થોડા સમય પછી સંકલ્પો ભુલાઇ જાય છે અને ઓહી રફતારમાં જીવનની ગાડી દોડવા લાગે છે પરંતુ આ વખતે દ્રઢ સંકલ્પ કરીએ. પોતાના કાર્યોને સર્વોત્તમ રીતે કરીએ તો દિવાળી સાર્થક બની શકે.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૮૩૦	૧૯૧૧
ઘઉં લોકવન	૫૯૨	૬૫૦
ઘઉં ટુકડા	૫૯૦	૭૮૩
જુવાર સફેદ	૧૩૫૦	૧૯૭૬
જુવાર લાલ	૧૨૫૦	૧૩૯૦
બાજરી	૪૧૦	૫૨૨
મકાઇ	૫૫૫	૫૫૫
તુવેર	૧૪૦૦	૧૯૭૦
ચણા પીળા	૧૩૭૦	૧૪૭૫
ચણા સફેદ	૧૬૦૦	૨૩૦૦
અડદ	૧૫૧૦	૨૦૦૫
મગ	૧૫૦૩	૧૮૦૦
વાલ દેશી	૩૨૫	૧૫૩૬
વાલ પાપડી	૧૦૦૦	૧૫૭૫
ચોળી	૧૨૮૦	૧૭૯૧
વટાણા	૫૫૦	૯૯૬
કળથી	૫૦૪	૧૪૦૪
રાજમા	૧૭૦૦	૨૨૦૦
સીંગદાણા	૧૮૬૦	૨૦૯૦
મગફળી જાડી	૧૨૫૧	૧૬૬૩
મગફળી જીણી	૧૨૭૫	૧૭૪૭
તલી	૨૩૦૦	૩૨૫૦
એરંડા	૧૪૨૦	૧૬૧૦
અજમો	૩૦૦૦	૩૫૨૦
સુવા	૧૪૦૦	૧૭૦૦
સોયાબીન	૧૨૧૦	૧૪૭૨
સીંગફાડા	૧૬૦૦	૧૯૩૮
કાળા તલ	૨૯૦૦	૪૧૫૦
લસણ	૧૨૫૪	૩૮૫૧
ધાણા	૨૭૦૦	૩૦૦૦
મરચા સુકા	૩૦૦૦	૫૬૦૦
ધાણી	૨૯૦૦	૩૨૨૫
વરીયાળી	૨૩૦૦	૨૮૫૫
જીરૂ	૪૫૦૦	૫૧૩૦
રાય	૧૫૦૦	૧૯૭૧
મેથી	૮૨૫	૧૯૯૨
કલોંજી	૪૬૮૦	૫૩૫૧
રાયડો	૧૪૦૦	૧૭૦૫
રજકાનું બી	૫૦૦૦	૮૦૦૦
ગુવારનું બી	૧૩૫૦	૧૬૦૦
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૧૦૧૦	૨૦૨૧
પપૈયા	૧૫૪	૨૯૬
બટેટા	૧૨૬	૩૬૧
ડુંગળી સુકી	૨૬૦	૭૮૧
ટમેટા	૨૨૧	૪૧૯
સુરણ	૪૧૩	૬૦૭
કોથમરી	૧૩૮૨	૨૦૧૬
મુળા	૪૦૬	૫૯૭
રીંગણા	૧૦૦	૩૦૪
કોબીજ	૨૨	૬૬
ફ્લાવર	૩૧૧	૪૦૬
ભીંડો	૫૯૪	૯૮૭
ગુવાર	૪૧૩	૧૦૧૧
ચોળાસીંગ	૪૦૪	૮૨૦
વાલોળ	૫૯૮	૭૯૧
ટીંડોળા	૨૧૪	૫૦૩
દુધી	૯૬	૧૪૮
કારેલા	૧૮૯	૩૧૧

સરગવો	૬૫૨	૧૨૮૬
તુરીયા	૪૨૧	૬૧૯
પરવર	૫૯૮	૭૧૬
કાકડી	૪૮૩	૮૧૭
ગાજર	૩૦૬	૫૧૮
વટાણા	૨૩૭૦	૩૦૦૯
તુવેરસીંગ	૮૨૧	૧૦૪૧
ગલકા	૨૯૧	૫૧૭
બીટ	૩૧૬	૪૯૭
મેથી	૬૧૧	૮૨૧
વાલ	૫૮૯	૧૦૧૨
ડુંગળી લીલી	૩૧૩	૫૧૪
આદુ	૧૩૨૧	૩૦૧૬
મરચા લીલા	૨૯૮	૭૧૪
હળદર લીલી	૬૧૩	૧૦૧૬
લસણ લીલું	૧૪૮૬	૨૮૦૮
મકાઇ લીલી	૧૫૩	૩૧૯
ગોંડલ		
કપાસ	૧૨૧૧	૧૮૭૬
ઘઉં લોકવન	૫૭૦	૭૦૦
ઘઉં ટુકડા	૫૫૦	૮૭૧
મગફળી જીણી	૧૦૫૧	૧૭૪૧
સિંગદાણા જાડા	૧૬૭૧	૨૦૬૧
સિંગ ફાડીયા	૧૧૭૧	૨૦૩૧
એરંડા / એરંડી	૧૫૨૧	૧૬૩૬
તલ લાલ	૨૯૫૧	૨૯૫૧
જીરૂ	૨૪૦૧	૫૧૮૧
કલંજી	૨૦૦૧	૫૫૫૧
વરીયાળી	૧૦૭૬	૩૦૫૧
ધાણા	૨૮૦૦	૩૨૬૧
લસણ સુકું	૧૦૫૧	૨૫૫૧
ડુંગળી લાલ	૩૨૧	૧૦૦૧
અડદ	૧૦૦૦	૧૯૬૧
મઠ	૪૨૬	૪૨૬
તુવેર	૭૦૧	૧૯૬૧
મેથી	૮૭૬	૧૬૫૧
કાંગ	૨૦૦	૧૦૦૧
સુરજમુખી	૧૨૭૬	૧૨૭૬
મગફળી જાડી	૧૦૦૧	૧૬૭૧
સફેદ ચણા	૧૩૦૦	૨૩૨૧
મગફળી ૬૬	૧૨૦૦	૧૮૬૬
તલ - તલી	૨૦૫૧	૩૩૩૧
ઇસબગુલ	૧૫૦૦	૧૫૦૦
ધાણી	૨૮૦૦	૩૨૨૧
બાજરો	૫૩૧	૫૪૧
જુવાર	૧૭૧૧	૧૭૧૧
મગ	૭૦૧	૧૮૦૧
ચણા	૧૦૫૧	૧૪૮૧
વાલ	૫૦૦	૧૫૭૧
ચોળા / ચોળી	૭૨૬	૨૨૭૬
સોયાબીન	૧૦૨૬	૧૫૩૬
ગોગળી	૧૦૫૦	૧૫૨૧
વટાણા	૩૫૧	૮૫૦
ગોંડલ (શાકભાજી)		
ટમેટા	૨૦૦	૪૦૦
મરચા	૧૮૦	૮૦૦
ગુવાર	૨૦૦	૧૨૦૦
કોબી	૪૦	૧૬૦
દુધી	૪૦	૨૦૦
ફ્લાવર	૩૦	૩૦૦


કાકડી	૧૮૦	૮૦૦
રીંગણા	૪૦	૨૦૦
ભીંડો	૧૮૦	૮૦૦
ગલકા	૧૦૦	૫૦૦
ગાજર	૧૦૦	૭૦૦
ટિંડોરા	૧૦૦	૪૦૦
તુવેર	૪૦૦	૧૦૦૦
વાલ	૨૦૦	૧૧૦૦
વટાણા	૨૦૦૦	૩૦૦૦
શક્કરીયા	૨૦૦	૫૦૦
કેરી કાચી	૧૦૦૦	૧૬૦૦
બટેટા	૧૩૦	૨૮૦
આંબળા	૨૦૦	૯૦૦
લીલી હળદર	૪૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૧૦	૨૫
તાંજરીયા પુરા	૩	૮
કોથમીર પુરા	૩	૯
મૂળા પુરા	૫	૭
ચૂણ	૬૦૦	૮૦૦
ઘીસોડા	૨૦૦	૮૦૦
લીંબુ	૧૮૦	૧૬૦૦
મેથી પુરા	૩	૧૮
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૧૦૦	૮૦૦
કારેલા	૨૦૦	૬૦૦
વાલોર	૨૦૦	૮૦૦
કાચા પોપૈયા	૪૦	૨૦૦
આદુ	૧૮૦	૧૪૦૦
મકાઇ ડોડા	૧૮૦	૪૦૦
લસણ પુરા	૮	૧૦
પાલક પુરા	૨	૬
અમરેલી		
શિંગ મઠડી	૯૦૦	૧૫૮૦
શિંગ ગીરનાર	૧૦૦૦	૧૫૫૫
શિંગ મોટી	૧૧૨૫	૧૬૩૫
શિંગદાણા ફાડા	૧૫૫૫	૧૮૭૦
તલ સફેદ	૨૨૦૦	૪૦૧૫
તલ કાળા	૨૦૨૫	૪૨૧૦
તલ કાશમીરી	૧૭૦૦	૨૯૬૫
ઘઉં ટુકડા	૫૨૫	૭૧૦
ઘઉં લોકવન	૫૭૦	૬૩૦
અડદ	૧૦૦૦	૧૯૦૦
ચણા	૮૦૦	૧૪૬૫
સફેદ ચણા	૧૨૦૦	૧૪૨૫
તુવેર	૧૦૦૦	૧૮૮૦
કપાસ	૧૦૬૫	૧૯૧૫
એરંડા	૧૨૦૦	૧૫૫૫
જીરૂ	૨૦૪૦	૪૯૧૦
રાય	૧૪૦૦	૧૭૯૦
ધાણી	૨૨૦૦	૨૯૦૦
મેથી	૧૧૦૫	૧૪૭૫
સોયાબીન	૧૦૦૦	૧૪૪૫
છોલે ચણા	૯૫૦	૨૦૩૫
જુવાર	૪૭૫	૧૭૯૫
બાજરો	૪૭૦	૫૯૦
કલોંજી	૪૧૭૦	૪૮૦૦
અમરેલી (શાકભાજી)		
બટેટા	૧૪૦	૨૮૦
રીંગણા	૧૦૦	૨૮૦

ફ્લાવર	૧૬૦	૨૦૦
કોબીજ	૧૧૦	૧૬૦
શકકરીયા	૫૦૦	૫૫૦
ટમેટાં	૩૧૦	૪૩૦
સુરણ	૯૫૦	૧૦૬૦
ગાજર	૪૮૦	૬૦૦
દુધી	૧૫૦	૨૦૦
કારેલા	૪૦૦	૪૫૦
ગલકા	૪૦૦	૪૬૦
મૂળા	૧૮૦	૨૯૦
કાકડી	૪૦૦	૬૮૦
ગુવાર	૫૦૦	૮૦૦
વાલોળ	૪૦૦	૬૦૦
વટાણા	૨૫૫૦	૨૮૫૦
ચોળા લીલા	૫૦૦	૬૦૦
તુરીયા	૫૦૦	૬૦૦
વાલ	૮૦૦	૯૦૦
ભીંડો	૫૦૦	૬૦૦
આદુ	૧૧૫૦	૧૨૦૦
કોથમીર	૧૪૦૦	૧૮૦૦
મેથીભાજી	૫૦૦	૬૦૦
ફોદીનો	૮૦૦	૯૦૦
ટીંડોરા	૪૫૦	૫૧૦
બીટ	૬૦૦	૬૯૦
સરગવો	૧૨૦૦	૧૪૦૦
લીમડો મીઠો	૧૭૦	૨૦૦
મરચાં લીલાં	૫૦૦	૮૦૦
મરચાં લાલ	૫૦૦	૯૦૦
ડુંગળી લીલી	૪૧૦	૪૫૦
ડુંગળી સુકી	૮૪૦	૧૦૦૦
લસણ લીલું	૩૫૦૦	૪૦૦૦
લસણ સુકું	૧૪૦૦	૨૧૫૦
પાલક	૬૨૦	૬૯૦
લીંબુ	૯૫૦	૧૮૨૦
મકાઈ	૨૧૦	૩૦૦
ચિભડા	૫૦૦	૭૮૦
લીલીતુવેર	૯૫૦	૧૧૫૦
સાવરકુંડલા		
શીંગ જીણી	૧૩૦૦	૧૫૫૦
શીંગ મોટી	૧૩૨૦	૧૬૫૧
તલ સફેદ	૨૭૦૦	૩૨૨૨
તલ કાળા	૩૩૫૦	૪૦૫૦
જીરૂ	૪૭૦૦	૫૦૭૫
કપાસ	૧૮૫૦	૧૯૧૦
ઘઉં લોકવન	૫૫૦	૫૯૦
ઘઉં ટુકડા	૬૦૦	૬૭૫
બાજરો	૪૦૦	૬૭૬
જુવાર	૧૦૦૦	૧૬૨૧
ચણા	૧૨૦૦	૧૪૭૫
તુવેર	૧૩૦૦	૧૭૦૦
સોયાબીન	૧૨૭૦	૧૪૦૦
મગ	૧૨૦૦	૧૫૦૫
અડદ	૧૬૦૦	૧૯૫૦
ધાણા	૨૫૫૦	૩૧૦૦
ધારી		
કપાસ એ	૧૬૫૧	૧૯૨૭
મગફળી	૧૦૧૫	૧૫૮૧
ઘઉં	૫૫૧	૬૫૧
ચણા	૧૩૮૦	૧૪૨૮
સોયાબીન	૧૨૯૫	૧૩૬૦

રજકો	૪૨૫૦	૪૨૫૦
છોલે ચણા	૧૮૦૦	૧૮૦૦
એરંડા	૧૪૦૦	૧૪૦૦
ચોળી	૮૦૦	૮૦૦
ધાણા	૨૭૦૦	૨૯૫૦
તુવેર	૧૭૫૫	૧૯૦૦
બગસરા		
કપાસ	૧૬૮૦	૧૯૨૦
ઘઉં લોકવન	૫૫૧	૬૦૬
ઘઉં ટુકડા	૫૬૫	૬૨૫
ચણા સફેદ	૧૮૦૫	૧૮૦૫
મગફળી	૯૦૦	૧૪૦૦
ચણા	૧૨૯૫	૧૪૨૫
લસણ	૯૦૦	૧૬૮૦
ધાણા	૨૯૦૦	૩૦૩૫
સોયાબીન	૮૧૫	૧૩૪૮
તુવેર	૧૮૦૦	૧૮૦૦
અડદ	૧૦૪૦	૧૮૦૦
તલ સફેદ	૩૦૦૦	૩૧૦૦
ચણા છોલે	૧૧૦૦	૧૩૫૩
એરંડી	૧૧૫૦	૧૧૫૦
મગ	૧૨૫૦	૧૬૦૦
શીંગદાણા	૧૪૯૦	૧૪૯૦
તલ કાળા	૧૯૧૦	૩૯૮૫
બાબરા		
કપાસ	૧૮૬૦	૧૯૪૦
કપાસ મીડીયમ	૧૭૫૦	૧૮૧૦
મગફળી	૧૩૪૦	૧૫૫૧
જીરૂ	૪૮૭૦	૫૩૫૦
ઘઉં	૫૩૫	૫૮૬
અડદ	૧૭૧૦	૧૮૭૦
મગ	૧૫૧૦	૧૭૫૦
સોયાબીન	૧૩૪૧	૧૩૬૧
તલ સફેદ	૨૯૧૦	૩૧૭૫
તલ કાળા	૩૯૪૦	૩૬૪૦
ભેંસાણ		
કપાસ	૧૦૦૧	૧૯૦૬
ઘઉં	૫૦૧	૭૦૮
ચણા	૧૦૦૧	૧૪૦૧
અડદ	૯૦૧	૧૮૪૬
મગફળી	૭૦૧	૧૫૫૧
ધાણા	૨૦૦૧	૩૧૭૬
સોયાબીન	૭૦૧	૧૩૬૬
લસણ	૫૦૧	૨૦૯૧
તલ સફેદ	૧૫૦૧	૩૧૧૬
તુવેર	૯૦૧	૧૬૦૧
શિંગફાડા	૧૭૨૬	૧૭૨૬
મહુવા		
શીંગ ૩૯	૯૦૦	૧૬૫૨
શીંગ જી-૨૦	૧૧૦૦	૧૬૪૦
જુવાર	૫૭૫	૧૩૯૧
બાજરી	૫૦૬	૫૮૭
ઘઉં ટુકડા	૫૧૦	૭૦૭
અડદ	૧૪૦૦	૧૯૫૧
મગ	૧૨૦૦	૧૮૩૦
ચણા	૮૩૦	૧૫૩૦
તલ સફેદ	૧૭૦૦	૩૧૫૦
તલ કાળા	૨૮૦૧	૩૯૮૧
ડુંગળી લાલ ન.	૮૦	૮૩૬
ડુંગળી લાલ જુ.	૩૯૫	૭૭૫

ડુંગળી સફેદ ન.	૧૩૮	૬૭૧
ડુંગળી સફેદ જુ.	૩૫૦	૫૧૨
કપાસ શંકર	૧૭૪૪	૧૭૯૪
નાળીયેર	૫૧૦	૩૦૮૫
કોડીનાર		
મગફળી નવી	૧૩૫૦	૧૬૪૫
બાજરી હાઈબ્રીડ	૪૫૦	૫૮૧
ઘઉં	૫૨૫	૬૯૧
સોયાબીન	૧૨૧૪	૧૪૩૬
કપાસ	૧૭૭૦	૧૮૪૭
કાળા તલ	૨૫૦૦	૩૮૮૦
ડાંગર	૯૦૦	૧૦૧૮
જુવાર	૧૩૦૦	૧૭૦૦
ચણા	૧૨૦૦	૧૪૦૦
જામનગર		
બાજરી	૩૫૫	૫૨૪
ઘઉં	૪૫૦	૭૦૧
અડદ	૧૬૦૦	૧૯૭૦
ચણા	૧૩૫૦	૧૪૭૫
મગફળી જીણી	૧૪૦૦	૧૭૦૦
મગફળી જાડી	૧૩૦૦	૧૬૫૦
મગફળી 66 NUM	૧૫૦૦	૨૩૦૦
મગફળી 9 NUM	૧૭૦૦	૨૫૯૦
એરંડા	૧૫૦૦	૧૫૭૦
તલી	૨૮૦૦	૩૨૦૦
તલ કાળા	૩૪૫૦	૩૭૦૦
લસણ	૮૦૦	૨૪૯૦
કપાસ	૧૭૪૦	૧૯૨૫
જીરૂ	૩૫૦૦	૫૦૨૫
અજમો	૨૬૦૦	૫૯૮૦
અજમાની ભૂસી	૪૦	૩૨૭૦
મરચા	૨૨૦૦	૫૦૦૦
ડુંગળી સુકી	૩૦૦	૯૨૫
શીંગ દાણા	૧૪૦૦	૧૭૦૦
સોયાબીન	૧૨૦૦	૧૩૭૦
વટાણા	૬૦૦	૯૮૦
મોટા લીલીયા		
કપાસ	૧૮૨૦	૧૮૬૮
કપાસ જુનો	૧૪૮૬	૧૪૮૬
રાજુલા		
શીંગ	૮૦૦	૧૫૦૦
તલ સફેદ	૨૧૦૦	૩૩૦૧
કપાસ	૧૭૫૦	૧૮૬૦
બાજરો	૪૬૦	૫૪૫
ઘઉં ટુકડા	૫૦૧	૬૮૮
જુવાર	૫૦૦	૧૮૬૧
મકાઈ	૫૨૦	૫૨૦
તુવેર	૧૫૦૦	૧૫૦૦
ચણા	૮૦૦	૧૪૫૧
સોયાબીન	૭૩૫	૧૩૬૭
કાંગ	૯૦૦	૯૦૦
ખાંભા		
કપાસ	૧૭૫૧	૧૮૯૬
મગફળી	૧૧૨૦	૧૩૮૦
સોયાબીન	૧૨૩૧	૧૩૫૦
અડદ	૧૭૦૫	૧૭૭૦
તલ કાળા	૩૫૦૦	૩૫૦૦

શબ્દ સંજોગ-૨૨૯૧



આડી ચાવી :
(૧) બહાના, આનાકાની (૪)
(૪) પ્રામાણિક (૨)
(૬) એક ખૂણો (૩)
(૮) એક બંગાળી મીઠાઈ (૫)
(૧૧) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૩) ચેકની પર આતો જોઈએ જ (૩)
(૧૫) આજેય કોલકત્તામાં ચાલતુ એક જનતા વાહન (૨)
(૧૬) પોલાણ રહિત (૩)
(૧૮) મહિલાના માથાનો એક શણગાર (૨)
(૧૯) જાગ્યા ત્યારથી.... (૩)
(૨૦) એક વૃક્ષ (૨)
(૨૩) ઘાસ ચરનારુ (૪)
(૨૫) મામાનુ ઘર (૩)
(૨૭) પરોઢ (૨)
(૨૮) એક પક્ષી થયુ આ-અ (૩)
(૨૯) વેલ (૨)

ઉભી ચાવી :
(૧) એક અટક (૩)
(૨) એક જાતનુ ઘરેણુ (૪)
(૩) એક અંગ્રેજી વ્યંજન (૨)
(૫) કવિતા કરવી તે (૩)
(૬) મૃગી, ફેફરુ (૨)
(૭) ખરચ, વાપર (૨)
(૯) પજવવુ તે (૪)
(૧૦) સો હજાર (૨)
(૧૨) આમળો, આંટો (૨)
(૧૪) એક પશુ (૩)
(૧૫) સફર, પ્રવાસ (૩)
(૧૬) ''નવા નકોર'' આ-અ થઈ ગયા (૫)
(૧૭) કોઈ પણ કામમાં કયારેક સફળતા મળે તો કયારેક... (૫)
(૨૧) મોવુ કે તે માટે વપરાતુ ચીકટ (૨)
(૨૨) એક ખડધાન્ય (૨)
(૨૩) તરસ, પ્યાસ (૨)
(૨૪) એક ચોઘડિયુ (૨)
(૨૬) વરસ, વર્ષ (૨)

શબ્દ સંજોગ-૨૨૯૦ જવાબ

આડી ચાવી: (૧) કર્તવ્ય (૩) શાસન (૬) વસન (૮) સફર (૧૦) પ્રસ્થાન (૧૨) મતા (૧૩) દલવાડી (૧૪) સ્ત્રી (૧૫) પલ (૧૯) વાસર (૨૧) રેતવો (૨૩) સરોદ (૨૫) મૂમતી (૨૭) હોજરી (૨૯) વનરાજ (૩૦) ચિત્રાંગદા. **ઉભી ચાવી:** (૧) કવિ (૨) વ્યવસ્થા (૩) શાન (૪) નસ (૫) સ્વૈર (૭) સનદ (૯) ફળ (૧૦) પ્રતાપ (૧૧) હવાલો (૧૬) લવાદ (૧૭) કાંત (૧૮) વાંસ (૨૦) રમૂજ (૨૧) રેતી (૨૨) વોણ (૨૪) રોશન (૨૬) મરીચિ (૨૭) હોજ (૨૮) રાગ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

જૂનાગઢમાં સક્કરબાગ સામે ચાલતા જુગારધામ પર કાઈમ બ્રાન્ચનો દરોડો, ૪ મહિલા સહિત ૮ ઝડપાયા

જૂનાગઢ,તા.૦૨



જૂનાગઢ શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સક્કરબાગ પ્રાણીસંગ્રહાલય સામે આવેલી વાડીના મકાનમાં ચાલતા જુગારધામ પર કાઈમ બ્રાન્ચે દરોડો પાડી આઠ લોકોને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ચાર પુરુષ અને ચાર મહિલાઓ જુગાર રમતાં ઝડપાયા હતા. પ્રાથમિક તપાસમાં વેરાવળની ચાંદની નામની મહિલા બહારથી માણસો બોલાવી ગંજીપાનાથી તીનપત્તીનો હારજીતનો જુગાર ચલાવતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી રૂ. ૪,૧૬,૩૦૦ રોકડા અને રૂ. ૧,૪૦,૦૦૦ની કિંમતના છ સ્માર્ટફોન મળી કુલ રૂ. ૫,૫૬,૩૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં ચાંદની સહિતના ચાર પુરુષ અને ચાર મહિલાઓનો સમાવેશ થાય છે. તમામ સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

હવે ઓછા માર્ક્સ લાવનાર વિદ્યાર્થીઓનું જાહેરમાં અપમાન નહીં થાય: રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર,તા.૦૨



ગુજરાત સરકારે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણને ધ્યાનમાં રાખીને શાળાઓ માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અત્યાર સુધી વિદ્યાર્થીઓની ક્ષમતાનું મૂલ્યાંકન પરીક્ષાનાં પરિણામ અને માર્ક્સના આધારે થતું હતું, પરંતુ હવે ઓછા માર્ક્સ લાવનારા વિદ્યાર્થીઓનું જાહેરમાં અપમાન કરી શકાશે નહીં. વધુ માર્ક્સ મેળવનારા વિદ્યાર્થીઓ સાથે તેમની સરખામણી કરવા તેમજ પરિણામના આધારે અલગ બેસાડવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગે આ માટે શિક્ષણ નિયમોમાં સુધારો કર્યો છે. નવી વ્યવસ્થા હેઠળ ધોરણ ૯ થી ૧૨ની તમામ શાળાઓમાં સ્કૂલ વેલનેસ ટીમ બનાવવી ફરજિયાત રહેશે. આ ટીમ વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, હતાશા, ભય અને અસામાન્ય વર્તનનાં શરૂઆતનાં લક્ષણો ઓળખશે. જેથી વિદ્યાર્થીઓને સમયસર માર્ગદર્શન અને જરૂરી સહાય મળી રહે તથા ગંભીર માનસિક સમસ્યાઓ ઊભી થતી અટકાવી શકાય.

વેરાવળ જનસંપર્ક કાર્યાલયમાં પ્રજાકીય સેવા અને સુશાસનનો સંકલ્પ

ઉના,તા.૦૨



વેરાવળ સ્થિત રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારના જનસંપર્ક કાર્યાલય ખાતે પ્રજાકીય સેવાઓનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. અહીં રેશનકાર્ડ, વિધવા પેન્શન, દિવ્યાંગ પેન્શન, આયુષ્માન કાર્ડ, વહાલી દીકરી યોજના, ઈ-શ્રમ કાર્ડ, પ્રધાનમંત્રી આવાસ યોજના, પીએમ કિસાન સહિતની વિવિધ સરકારી યોજનાઓના ફોર્મ ભરી જરૂરી કામગીરી કરવામાં આવે છે. દસ્તાવેજોની ચકાસણી કરી પાત્ર અરજદારોને લાભ અપાવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે કાર્યાલય ખાતે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને કાર્ડ અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

હરિદ્વારમાં ૫૨મી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું ભવ્ય આયોજન

SGVP ગુરુકુલના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામી સહિત અનેક ધર્માચાર્યોની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

અમરેલી,તા.૦૨



હરિદ્વાર સ્થિત પતંજલિ યુનિવર્સિટી અને કેન્દ્રીય સંસ્કૃત યુનિવર્સિટી, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ભારતીય વિદ્વત્ પરિષદ (BVP)ની ૫૨મી અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે SGVP ગુરુકુલના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા ભારતવર્ષના અનેક મહાન ધર્માચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગૌરવશાળી ઈતિહાસ, સિધ્ધાંતો અને શાસ્ત્રીય પરંપરાને ઉજાગર કરતું વિશેષ સત્ર યોજાયું હતું. યોગઋષિ બાબા રામદેવજી મહારાજ અને આચાર્ય બાલકૃષ્ણજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સંમેલને ભારતીય પ્રાચીન જ્ઞાનપરંપરા, સનાતન ધર્મ અને શાસ્ત્રવિદ્યાના સંવર્ધનનો સંદેશ આપ્યો હતો.

વડોદરામાં કોળી સમાજનો ૭૮મો વેવિશાળ મેળો યોજાયો: ઉચ્ચ અભ્યાસ કરતા ૯૧૪ યુવક-યુવતીઓએ ભાગ લીધો

વડોદરા, તા.૦૨

વડોદરાના ગોરવા ગામ ખાતે આવેલા ગોરખનાથ મહાદેવ મંદિરે કોળી શક્તિ યુવક મંડળ અમરેલી દ્વારા સમસ્ત કોળી સમાજના ૭૮મા તથા ઉચ્ચ અભ્યાસ કરતા યુવક–યુવતીઓ માટેના પ્રથમ વેવિશાળ પરિચય મેળાનું સફળ આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમમાં ૯૧૪ ઉમેદવારોએ ઉત્સાહભેર ફોર્મ ભરી પોતાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા કોળી સમાજના કાર્યકારી પ્રમુખ મનુભાઈ પી. ચાવડા ભોજન દાતા રહ્યા હતા.

ઉદ્ઘાટક તરીકે છગનભાઈ રાઠોડ, બાબુભાઈ સોલંકી, અરવિંદભાઈ સરવૈયા, લક્ષ્મણભાઈ ધોસીયા અને વિનોદભાઈ સાકરીયા ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ આયોજનને સફળ બનાવવા મંડળના પ્રમુખ રમેશભાઈ ગોહીલ, ભીખુભાઈ મકવાણા, સમીરભાઈ જાદવ તથા નીરવભાઈ મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે કોડિનારમાં ૧૮ પોષણ માતાઓનું સન્માન

કોડિનાર તા.૦૨



કોડિનારની એસ.કે.એમ. અંગ્રેજી માધ્યમ શાળા ખાતે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં પીએમ પોષણ શક્તિ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ પોષણ માતા સેવા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગીર સોમનાથ જિલ્લાના છ તાલુકાની ૧૮ મધ્યાહન ભોજન સંચાલક, મદદનીશ અને રસોયા બહેનોને મોમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાઈ હતી. આ પ્રસંગે મંત્રીએ બહેનોની નિષ્ઠા અને સેવાભાવને બિરદાવતા જણાવ્યું હતું કે, બાળકોને પૌષ્ટિક આહાર આપી સુપોષિત બનાવવામાં તેમનું યોગદાન મહત્વનું છે. ગુજરાતની ૩૨ હજાર શાળાઓમાં આશરે ૪૦ લાખ બાળકોને પૌષ્ટિક ભોજન અપાય છે. કાર્યક્રમમાં સરસ્વતી સાધના યોજના હેઠળ વિદ્યાર્થિનીઓને સાયકલનું વિતરણ પણ કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી સહિત પદાધિકારીઓ, અધિકારીઓ અને બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરતમાં લેઉવા પટેલ સમાજના સંતાનો માટે ઓનલાઈન 'કંકાવટી વેવિશાળ કેન્દ્ર'નો શુભારંભ

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા યુવક-યુવતીઓને યોગ્ય જીવનસાથી મળી રહે તે માટે પહેલ

સુરત,તા.૦૨



સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા માતા-પિતાની ચિંતા હળવી કરવા અને યુવક-યુવતીઓને યોગ્ય જીવનસાથી મળી રહે તે હેતુથી ઓનલાઈન પોર્ટલ સાથે 'કંકાવટી વેવિશાળ પરિચય કેન્દ્ર' શરૂ કરાયું છે. સુરતના જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે કાર્યરત આ નિઃશુલ્ક કેન્દ્રનો લાભ વિશ્વભરમાં વસતા લેઉવા પટેલ સમાજના લોકો લઈ શકશે. સંસ્થાના પ્રમુખ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે, વર્તમાન સમયમાં યોગ્ય જીવનસાથી શોધવો, ખાસ કરીને ઉચ્ચ શિક્ષિત દીકરીઓ માટે સગાઈ નક્કી કરવી તે એક મોટો સામાજિક પ્રશ્ન બન્યો છે. આ ડિજિટલ પ્લેટફોર્મ પર ઓનલાઈન ફોર્મ ભરીને બાયોડેટા મેળવી શકાશે. વાલીઓને દીકરીઓની વિગતો નોંધાવવા અપીલ કરાઈ છે. આ પહેલ હેઠળ સુરતમાં રહેતા સમાજના નિવૃત્ત અધિકારીઓ કેન્દ્રનું સંચાલન સંભાળીને યોગ્ય કાઉન્સેલિંગ સાથે પસંદગી માટે સહયોગ આપશે.

બગસરા-હડાળા રોડ પર ટાયર ફાટતાં લાદી ભરેલી બોલેરો પલટી

ધારી,તા.૦૨



બગસરા-હડાળા રોડ પર લાદી ભરીને જતી એક બોલેરો ગાડીનું અચાનક ટાયર ફાટતાં અકસ્માત સર્જાયો હતો. ટાયર ફાટવાના કારણે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના પગલે બોલેરો ગાડી રસ્તા પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત સમયે ગાડીમાં ત્રણ વ્યક્તિઓ સવાર હતાં. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને ત્રણેયનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતની ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સ્થળ પર લોકોનું ટોળું એકત્રિત થયું હતું. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

કોડીનારના દુદાણામાં રૂ. ૩૨.૨૬ લાખનાં વિકાસકાર્યોનું લોકાર્પણ

કોડિનાર તા.૦૨



કોડિનાર તાલુકાના દુદાણા ગામે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે રૂ. ૩૨.૨૬ લાખના ખર્ચે નિર્મિત કોમ્યુનિટી હોલ અને કૌશલ્ય વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ડીએમએફ ગ્રાન્ટમાંથી રૂ. ૨૦.૫૨ લાખના ખર્ચે કૌશલ્ય કેન્દ્ર અને રૂ. ૧૧.૭૪ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવાયો છે.

કેન્દ્રમાં યુવાનો અને મહિલાઓને રોજગારલક્ષી તાલીમ અપાશે. મંત્રીએ જણાવ્યું હતું કે, કૌશલ્ય વિકાસથી સ્વરોજગારની તકો વધશે અને વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. આ પ્રસંગે દિનુભાઈ સોલંકી સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રામ પંચાયત કચેરી - બલાણા તા. જાફરાબાદ, જિ. અમરેલી

:: જાહેર હરાજી અંગેની વિગતવાર નિવિદા ::

આથી જાહેર હરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા ઈજારદારો/વેપારીઓ તથા જાહેર જનતાને આ નિવિદાથી જાણ કરવામાં આવે છે કે બાળ વિકાસ યોજના અધિકારીશ્રી જાફરાબાદના પત્ર નં. આઈ.સી.ડી.એસ./જર્જરિત મકાન/વશી/૧૦/૨૦૨૬ તા. ૦૭/૧૦/૨૦૨૬ તથા બાંધકામ શાખા તા.પં. જાફરાબાદના પત્ર નં. બાંધ/અપસેટ/વશી/૦૮/૨૦૨૬ તા. ૧૧/૦૮/૨૦૨૬ મુજબ ગ્રામ પંચાયત કચેરી બલાણા હસ્તકની આંગણવાડી કેન્દ્ર નં-૧ (કોડ નં-૩૯) નું જૂનું મકાન જર્જરિત હાલતમાં હોય, સદર મકાન પાડતા અંદાજે ઉપજતી અપસેટ કિંમત રૂ. ૬,૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર પુરા) ધ્યાને લઈ "જ્યાં છે અને જે સ્થિતિમાં છે" ના ધોરણે જાહેર હરાજીથી નિકાલ કરવાનો થાય છે.

ક્રમ	અસ્કયામત અને ઈમલાની વિગત	જાહેર હરાજીની તારીખ	જાહેર હરાજીનો સમય	નક્કી થયેલ અપસેટ કિંમત	જાહેર હરાજીનું
૧	બલાણા ગામની આંગણવાડી કેન્દ્ર નં-૧ (કોડ નં-૩૯) નું જૂનું જર્જરિત મકાન (ઉભો ઈમલો)	તા. ૦૪/૧૧/૨૦૨૬ બુધવાર	બપોરે ૧૨:૦૦ કલાકે	૬૦૦૦/- (અંકે રૂ. છ હજાર પુરા)	આંગણવાડી પરિસર

નિવિદાની સામાન્ય માર્ગદર્શિકા :

ઉક્ત જર્જરિત આંગણવાડી મકાનનું સ્થળ નિરીક્ષણ હરાજીની તારીખ અગાઉ કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સ્થળ પર જઈને કરી શકાશે. જાહેર હરાજીની શરતો, બોલીઓ અને નિયમો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. આ હરાજી અંગે કોઈપણ બોલી સ્વીકારવી, અસ્વીકાર કરવી અથવા વહીવટી કારણોસર સમગ્ર હરાજી મુલતવી રાખવાનો કે રદ કરવાનો સર્વોચ્ચ અને આખરી અધિકાર ગ્રામ પંચાયત બલાણાના સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રીની સંયુક્ત સમિતિનો અબાધિત રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત બલાણા
તા. જાફરાબાદ, જિ. અમરેલી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત બલાણા
તા. જાફરાબાદ, જિ. અમરેલી

કેવિકે ગીર સોમનાથ દ્વારા પીએમ કિસાન સમ્માન નિધિના ૨૪મા હપ્તાનું જીવંત પ્રસારણ યોજાયું

ગીર સોમનાથ, તા.૦૨



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), ગીર સોમનાથ દ્વારા પીએમ કિસાન ઉત્સવ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત મહાનુભાવો દ્વારા બનાસકાંઠાથી જમા કરાયેલા કિસાન સમ્માન નિધિના ૨૪મા હપ્તાનું જીવંત પ્રસારણ યોજવામાં આવ્યું હતું. કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વડા જિતેન્દ્રસિંહ તેમજ નિષ્ણાંતો દ્વારા ૮૪ ખેડૂતો અને ૮ અધિકારીઓની ઉપસ્થિતિમાં ખાતરનો યોગ્ય ઉપયોગ, જમીન ચકાસણી અને કૃષિમાં ટેકનોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત 'ખેત બચાઓ અભિયાન' અંતર્ગત કેવિકેના તજજ્ઞો દ્વારા વેરાવળ, કડવાસણ અને નવાગામ ખાતે પણ કાર્યક્રમો યોજી ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ તમામ આયોજનોમાં કુલ ૪,૨૭૭ ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેને સફળ બનાવવા કેવિકેની ટીમે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

કેશોદ એરપોર્ટનું નામ વીર દેવાયત આપા બોદરના નામે રાખવા માંગ

ગુજરાત આહીર રેજિમેન્ટના ભાવેશ સોલંકીની કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ લેખિત રજૂઆત

કોડીનાર, તા. ૦૨

જૂનાગઢની રાજગાદીની રક્ષા માટે પોતાના એકના એક પુત્ર ઉગાનું બલિદાન આપનાર વીર દેવાયત આપા બોદરના નામે કેશોદ એરપોર્ટનું નામકરણ કરવાની માંગ ઉઠી છે. ગુજરાત આહીર રેજિમેન્ટના યુવા અધ્યક્ષ ભાવેશ સોલંકીએ કેન્દ્ર અને ગુજરાત સરકાર સમક્ષ લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે દેવાયત આપાએ રાજકુમાર રા' નવઘણના પ્રાણ બચાવવા પુત્રનું બલિદાન આપ્યું હતું. તેમના શૌર્ય, ત્યાગ અને વફાદારીની ઐતિહાસિક વિરાસતને રાષ્ટ્રીય ઓળખ મળે તે માટે કેશોદ એરપોર્ટનું નામ 'વીર દેવાયત આપા બોદર એરપોર્ટ' રાખી ઐતિહાસિક દસ્તાવેજોની ચકાસણી કરી સત્તાવાર પ્રક્રિયા શરૂ કરવાની માંગ કરી છે.

ગ્રામ પંચાયત કચેરી - બલાણા તા. જાફરાબાદ, જિ. અમરેલી

:: જાહેર હરાજી અંગેની વિગતવાર નિવિદા ::

આથી જાહેર હરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા ઈજારદારો/વેપારીઓ તથા જાહેર જનતાને આ નિવિદાથી જાણ કરવામાં આવે છે કે બાળ વિકાસ યોજના અધિકારીશ્રી જાફરાબાદના પત્ર નં. આઈ.સી.ડી.એસ./જર્જરિત મકાન/વશી/૧૦/૨૦૨૬ તા. ૦૭/૧૦/૨૦૨૬ તથા બાંધકામ શાખા તા.પં. જાફરાબાદના પત્ર નં. બાંધ/અપસેટ/વશી/૦૮/૨૦૨૬ તા. ૧૧/૦૮/૨૦૨૬ મુજબ ગ્રામ પંચાયત કચેરી બલાણા હસ્તકની આંગણવાડી કેન્દ્ર નં-૪૦ નું જૂનું મકાન જર્જરિત હાલતમાં હોય, સદર મકાન પાડતા અંદાજે ઉપજતી અપસેટ કિંમત રૂ. ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગિયાર હજાર પુરા) ધ્યાને લઈ "જ્યાં છે અને જે સ્થિતિમાં છે" ના ધોરણે જાહેર હરાજીથી નિકાલ કરવાનો થાય છે.

ક્રમ	અસ્કયામત અને ઈમલાની વિગત	જાહેર હરાજીની તારીખ	જાહેર હરાજીનો સમય	નક્કી થયેલ અપસેટ કિંમત	જાહેર હરાજીનું
૧	બલાણા ગામની આંગણવાડી કેન્દ્ર નં-૪૦ નું જૂનું જર્જરિત મકાન (ઉભો ઈમલો)	તા. ૦૪/૧૧/૨૦૨૬ બુધવાર	બપોરે ૧૨:૩૦ કલાકે	૧૧૦૦૦/- (અંકે રૂ. અગિયાર હજાર પુરા)	આંગણવાડી પરિસર

નિવિદાની સામાન્ય માર્ગદર્શિકા :

ઉક્ત જર્જરિત આંગણવાડી મકાનનું સ્થળ નિરીક્ષણ હરાજીની તારીખ અગાઉ કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સ્થળ પર જઈને કરી શકાશે. જાહેર હરાજીની શરતો, બોલીઓ અને નિયમો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. આ હરાજી અંગે કોઈપણ બોલી સ્વીકારવી, અસ્વીકાર કરવી અથવા વહીવટી કારણોસર સમગ્ર હરાજી મુલતવી રાખવાનો કે રદ કરવાનો સર્વોચ્ચ અને આખરી અધિકાર ગ્રામ પંચાયત બલાણાના સરપંચશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રીની સંયુક્ત સમિતિનો અબાધિત રહેશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત બલાણા
તા. જાફરાબાદ, જિ. અમરેલી

સરપંચશ્રી
ગ્રામ પંચાયત બલાણા
તા. જાફરાબાદ, જિ. અમરેલી

ભોપાલમાં પત્ની માતા અને બે બાળકોની હત્યા કર્યા બાદ યુવકે આત્મહત્યા કરી

એક જ પરિવારના પાંચ સભ્યોનાં મોતથી મલીખેડી વિસ્તારમાં ચકચાર



ભોપાલ, તા.૦૨

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના છોલા મંદિર પોલીસ સ્ટેશન વિસ્તારના મલીખેડી વિસ્તારમાં એક યુવકે પોતાના જ પરિવારના ચાર સભ્યોની હત્યા કર્યા બાદ ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં એક જ પરિવારના પાંચ સભ્યોનાં મોત થતાં હાહાકાર મચી ગયો છે.

પ્રાથમિક અહેવાલો અનુસાર, યુવકે મલીખેડી વિસ્તારમાં આવેલા પોતાના નિવાસસ્થાને પત્ની, માતા અને બે બાળકોની ગળું દબાવીને હત્યા કરી હતી. પરિવારના ચાર સભ્યોની હત્યા કર્યા બાદ યુવક ઘરેથી નીકળી ગયો હતો. ત્યારબાદ તેણે ટ્રેન સામે પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને ઘરમાં તપાસ હાથ ધરી હતી. એક જ પરિવારના પાંચ સભ્યોનાં મોતની ઘટનાથી સ્થાનિક રહીશોમાં શોક અને ભયનો માહોલ ફેલાયો છે. યુવકે આટલું ગંભીર પગલું શા માટે ભર્યું અને પરિવારના સભ્યોની હત્યા પાછળનું કારણ શું હતું તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી.

હાલમાં છોલા મંદિર પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાના કારણો અને અન્ય પાસાઓ જાણવા પોલીસ દ્વારા તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

દિલ્હીમાં પ્રદૂષણનો હાહાકાર: એક્યુઆઇ ૪૨૮ પર પહોંચ્યો, મુંબઈમાં પણ ધુમ્મસ



નવી દિલ્હી, તા.૦૨

દેશની રાજધાની દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ફરી ગંભીર બન્યું છે. સોમવારે સવારે દિલ્હીની હવાની ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ) ૪૨૮ નોંધાતાં સ્થિતિ અત્યંત ખરાબ બની હતી. શહેરના અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાતાં દૃશ્યતા ઘટી હતી. બીજી તરફ મુંબઈમાં પણ સવારથી ધુમ્મસ જોવા મળ્યું હતું, જોકે ત્યાં એક્યુઆઈ ૧૩૧ નોંધાયો હતો. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જણાવ્યા મુજબ, ઈન્ડિયા ગેટ, જનપથ અને અન્ય વિસ્તારોમાં પણ પ્રદૂષણનું પ્રમાણ ઊંચું રહ્યું હતું. દરમિયાન હવામાન વિભાગે ૩ નવેમ્બરે દેશનાં ૧૮ રાજ્યોમાં વરસાદ, ભારે પવન અને વાવાઝોડાની આગાહી સાથે ચેતવણી જાહેર કરી છે. કેટલાક વિસ્તારોમાં ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ગુજરાત સહિત અનેક રાજ્યોમાં પણ હવામાનમાં પલટો આવવાની સંભાવના છે.

દિલ્હી પોલીસ મુખ્યાલય બહાર પોલીસ કર્મચારીઓનો વિરોધ: એસીપીની બદલીથી કર્મચારીઓમાં નારાજગી



નવી દિલ્હી, તા.૦૨

દિલ્હી પોલીસ મુખ્યાલય બહાર પોલીસ કર્મચારીઓએ વિરોધ પ્રદર્શન શરૂ કરતાં પોલીસ તંત્રમાં ચકચાર મચી ગઈ છે. એસીપી મનસ્વી વશિષ્ઠની બદલીના વિરોધમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ એકઠા થયા હતા. ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેમને સમજાવીને શાંત પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ સમગ્ર વિવાદ ૨૩ ઓક્ટોબરના રોજ શાહદરા પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મચારીઓ અને વકીલો વચ્ચે થયેલી અથડામણ બાદ શરૂ થયો હતો. આ ઘટનામાં એક વકીલને માથામાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ વકીલોએ હડતાળ પાડી એસીપી પર પિસ્તોલ લહેરાવવાનો આરોપ લગાવી તેમની બદલીની માંગ કરી હતી. પરિણામે દિલ્હી પોલીસે એસીપી અને પોલીસ સ્ટેશનના એસએચઓની બદલી કરી હતી. આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નારાજગી ફેલાઈ છે. દરમિયાન એસીપી મનસ્વી વશિષ્ઠે વીડિયો જાહેર કરીને તેમને સમર્થન આપનારા કર્મચારીઓનો આભાર માન્યો હતો.

દિલ્હી-એનસીઆરમાં લીલા ફટાકડા ફોડવાની સુપ્રીમ કોર્ટે આપી મંજૂરી



નવી દિલ્હી, તા. ૨

દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૭ અને ૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ માત્ર ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. કોર્ટના આદેશ મુજબ સવારે ૬થી ૭ અને રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે.

હોસ્પિટલો, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, વૃધ્ધાશ્રમો અને શૈક્ષણિક સંસ્થાઓના ૩૦૦ મીટરની અંદર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે. આ વિસ્તારોને નો-ક્રેકર્સ ઝોન જાહેર કરી યોગ્ય નિશાન લગાવવામાં આવશે.

ફટાકડાના ધુમાડામાંથી નીકળતા પીએમ ૨.૫ અને પીએમ ૧૦ જેવા સૂક્ષ્મ કણો શ્વસનતંત્ર અને હૃદય માટે નુકસાનકારક છે. આ કણો ફેફસાં સુધી પહોંચીને લોહીના પ્રવાહમાં પણ પ્રવેશી શકે છે. ફટાકડામાં વપરાતા બેરિયમ સહિતના રસાયણો પણ સ્વાસ્થ્ય માટે જોખમી છે. આથી કોર્ટે બેરિયમ, લિથિયમ, આર્સેનિક, એન્ટિમની, સીસું અને પારો જેવા હાનિકારક તત્ત્વો વિનાના ગ્રીન ફટાકડાને જ મંજૂરી આપી છે.

ભગવાન રામ અને કૃષ્ણની તુલના કરતાં વિરોધ થતા ધીરેન્દ્ર શાસ્ત્રીએ માફી માંગી

છતરપુર, તા. ૨

મધ્યપ્રદેશના બાગેશ્વર ધામના પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણની તુલના કરતાં વિવાદમાં સપડાયા છે. ૨૯ ઓક્ટોબરે શિવપુરીના કરેરામાં રામકથા દરમિયાન તેમણે ભગવાન રામને સીધા અને શ્રીકૃષ્ણને વાંકાચૂકા ગણાવતાં નિવેદન આપ્યું હતું. તેમણે ભગવાન કૃષ્ણની વાંસળી વગાડવાની સરખામણી ભગવાન હનુમાનના પર્વત ઉપાડવાના પરાક્રમ સાથે કરી હતી. આ ટિપ્પણીથી કૃષ્ણભક્તો અને યાદવ સમાજમાં નારાજગી ફેલાઈ હતી. સોશિયલ મીડિયા પર પણ વિરોધ જોવા મળ્યો હતો. વિવાદ વધતાં ધીરેન્દ્ર શાસ્ત્રીએ સ્પષ્ટતા કરી માફી માગી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ પોતે ભગવાન કૃષ્ણના ભક્ત છે અને સંતના એક શ્લોકનો ભાવ સમજાવી રહ્યા હતા. તેમના નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં નાણા મંત્રાલય પરત મેળવવા એનસીપીના છ વરિષ્ઠ નેતાઓ ગૃહમંત્રી અમિત શાહને મળ્યા



મુંબઈ, તા.૦૨


મહારાષ્ટ્રના રાજકારણમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માં આંતરિક હલચલ તેજ બની છે. અજિત પવાર જૂથના છ વરિષ્ઠ નેતાઓએ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ નેતાઓમાં ધનંજય મુંડે, સુનીલ તટકરે, પ્રફુલ્લ પટેલ, હસન મુશ્રીફ, છગન ભુજબળ અને દિલીપ વલસે પાટીલનો સમાવેશ થાય છે. બેઠકમાં મહારાષ્ટ્ર સરકારમાં નાણા મંત્રાલય એનસીપીને પરત સોંપવાની માંગ અંગે ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. આ મુલાકાતમાં સુનેત્રા પવાર અને પાર્થ પવારની ગેરહાજરી પણ ચર્ચાનો વિષય બની છે. દરમિયાન મુંબઈમાં અજિત પવારના નિવાસસ્થાન દેવગિરી ખાતે એનસીપી કોર કમિટીની બેઠક યોજાવાની છે. બીજી તરફ, તાજેતરમાં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠકોની ચૂંટણીમાં મહા વિકાસ આઘાડીએ ત્રણ અને મહાયુતિએ બે બેઠકો જીતી હતી. નાગપુરમાં કોંગ્રેસના અભિજીત વણજારી અને પુણેમાં શરદ પવાર જૂથનાં હર્ષદા દેશમુખ-જાધવે જીત મેળવી હતી.

દિલ્હીમાં વિપક્ષની રેલીમાં માત્ર ૫૦ થી ૬૦ હજાર લોકો હાજર રહ્યા હોવાનો આનંદ દુબેનો દાવો

મુંબઈ, તા.૦૨

દિલ્હીના રામલીલા મેદાનમાં રવિવારે કોંગ્રેસની આગેવાની હેઠળ યોજાયેલી વિપક્ષની રેલીને લઈને રાજકીય નિવેદનબાજી તેજ બની છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે યોજાયેલી આ રેલીમાં ૧૦ લાખ લોકો હાજર રહેવાનો કોંગ્રેસે દાવો કર્યો હતો. જોકે, શિવસેનાના નેતા આનંદ દુબેએ રેલીને ફ્લોપ શો ગણાવી માત્ર ૫૦ થી ૬૦ હજાર લોકો હાજર રહ્યા હોવાનો દાવો કર્યો હતો. ભાજપના સાંસદ સંબિત પાત્રાએ પણ રામલીલા મેદાનમાં મોટી સંખ્યામાં ખુરશીઓ ખાલી હોવાનો દાવો કરી કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. રેલીમાં રાહુલ ગાંધીએ સરકાર પર લોકશાહી અને બંધારણને નુકસાન પહોંચાડવાનો તથા મતચોરીનો આરોપ લગાવ્યો હતો. બીજી તરફ કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે પણ વિપક્ષના દાવાઓની ટીકા કરી હતી.

કેદારનાથ ધામ બરફની સફેદ ચાદરમાં લપેટાયું, ૧૮.૮૦ લાખ ભક્તોએ કર્યાં દર્શન



દહેરાદૂન, તા. ૨

ઉત્તરાખંડના કેદારનાથ ધામમાં તાજી હિમવર્ષા થતાં સમગ્ર વિસ્તાર બરફની સફેદ ચાદરમાં ઢંકાઈ ગયો છે. કડકડતી ઠંડી વચ્ચે પણ ભક્તોનો ઉત્સાહ યથાવત્ છે. વર્ષ ૨૦૨૬ની યાત્રામાં અત્યાર સુધીમાં ૧૮,૮૦,૩૯૮ શ્રધ્ધાળુઓએ બાબા કેદારનાથનાં દર્શન કર્યાં છે. આગામી ૧૧ નવેમ્બરે ભૈયા બીજના દિવસે સવારે ૮:૩૦ વાગ્યે મંદિરનાં કપાટ શિયાળા માટે બંધ કરવામાં આવશે. ત્યારબાદ છ મહિના સુધી ઉખીમઠના ઓમકારેશ્વર મંદિરમાં બાબાની પૂજા થશે. વહીવટીતંત્રે યાત્રાળુઓને હવામાનની માહિતી મેળવી ગરમ કપડાં સાથે રાખવા અપીલ કરી છે.

જેને જરૂર ન હોય તેવા સમૃધ્ધ પરિવારો ૧૨૫ યુનિટ મફત વીજળીનો લાભ છોડે : સીએમ સમ્રાટ ચૌધરી

પટણા, તા.૦૨

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આર્થિક રીતે સમૃધ્ધ અને આવકવેરો ભરતા પરિવારોને દર મહિને મળતા ૧૨૫ યુનિટ મફત વીજળીના લાભનો સ્વૈચ્છિક ત્યાગ કરવા અપીલ કરી છે. પટણામાં યોજાયેલી બે દિવસીય 'પાટલીપુત્ર રાષ્ટ્રીય યુવા સંસદ-૨.૦'ને સંબોધતાં તેમણે આ અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર વીજળી સબસિડી પાછળ વાર્ષિક આશરે રૂ. ૨૩ હજાર કરોડ ખર્ચે છે. જરૂરિયાતમંદ પરિવારોને રાહત મળે તે માટે સમૃધ્ધ લોકોએ મફત વીજળીનો લાભ છોડીને રાજ્યના વિકાસમાં યોગદાન આપવું જોઈએ. ઉલ્લેખનીય છે કે બિહારમાં ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી મુખ્યમંત્રી વીજળી ગ્રાહક સહાય યોજના હેઠળ તમામ ઘરેલુ વીજ ગ્રાહકોને દર મહિને પ્રથમ ૧૨૫ યુનિટ વીજળી મફત આપવામાં આવે છે.


તમિલનાડુમાં મુખ્યમંત્રીએ ૨૨૪ ફિલ્મોને ૩.૧૫.૬૮ કરોડની સબસિડી જાહેર કરી



ચેન્નાઈ, તા.૦૨

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયની સરકારે ૨૨૪ તમિલ ફિલ્મોના નિર્માતાઓને રૂ. ૧૫.૬૮ કરોડની સબસિડીનું વિતરણ કર્યું છે. ચેન્નાઈમાં યોજાયેલા કાર્યક્રમમાં દરેક નિર્માતાને રૂ. ૭ લાખનો ચેક આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૨ દરમિયાન બનેલી ફિલ્મોની પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. નિર્માતા ટી. શિવાએ આ સહાયને ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા પરિવારો માટે દિવાળીની ભેટ ગણાવી હતી. તેમણે જણાવ્યું કે સાત વર્ષથી પડતર માંગણીનો ઉકેલ આવતાં ૯૦ ટકા લાભાર્થીઓને નવી આશા મળશે.

ફ્લોરિડામાં ખાનગી જેટ ક્રેશ થતાં પાઇલટ સહિત નવ લોકોનાં મોત




ફ્લોરિડા, તા.૦૨

અમેરિકાના ફ્લોરિડામાં ખાનગી જેટ ક્રેશ થતાં પાઇલટ સહિત વિમાનમાં સવાર તમામ નવ લોકોનાં મોત થયા છે. પામ બીચ કાઉન્ટીમાં મિલિટરી ટ્રેઇલ અને ૧૦મા એવન્યુ નોર્થ નજીક રહેણાંક વિસ્તાર પાસે આ દુર્ઘટના સર્જાઈ હતી. વિમાન રસ્તા નજીક તૂટી પડતાં તેમાં ભીષણ આગ લાગી હતી અને શક્તિશાળી વિસ્ફોટ થયો હતો.

અહેવાલ મુજબ, લિયરજેટ ૬૦ વિમાન ટેક્સાસના ઓસ્ટિન-બર્ગસ્ટ્રોમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી બહામાસ જવા રવાના થયું હતું. જોકે, ઉડાન દરમિયાન અચાનક વિમાન ક્રેશ થયું હતું. ઘટનાસ્થળે આગનો મોટો ખાડો સર્જાયો હતો અને કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. સદનસીબે, વિમાન કોઈ રહેણાંક મકાન સાથે અથડાયું નહોતું.

અમેરિકાના પરિવહન સચિવ સીન ડફીએ નવ લોકોનાં મોતની પુષ્ટિ કરી હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનની ટીમ તપાસમાં મદદ કરશે. અકસ્માતનું કારણ હજુ જાણી શકાયું નથી. પામ બીચ કાઉન્ટી શેરિફ કચેરીએ સલામતીના ભાગરૂપે રસ્તાઓ બંધ કરી લોકોને ઘટનાસ્થળથી દૂર રહેવા અપીલ કરી હતી.

હોર્મુઝની સામુદ્રધુનીમાં બે ઓઈલ ટેન્કરો નૌકાદળની ખાણ સાથે અથડાતાં આગ લાગી હોવાનો ઈરાનનો દાવો



તેહરાન, તા.૦૨

ઈરાનની હોર્મુઝની સામુદ્રધુનીમાં બે ઓઈલ ટેન્કરમાં વિસ્ફોટ થયાના અહેવાલથી આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા ફેલાઈ છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)ના નૌકાદળે દાવો કર્યો છે કે પ્રતિબંધિત દરિયાઈ માર્ગમાંથી પસાર થવાનો પ્રયાસ કરતી વખતે બંને જહાજો નૌકાદળની ખાણ સાથે અથડાયાં હતાં. તેમાં એક સુપરટેન્કરનો પણ સમાવેશ થાય છે. ઈરાનના જણાવ્યા અનુસાર, જહાજોએ ઓળખ અને નેવિગેશન સિસ્ટમ બંધ કરી દીધી હતી તથા અનેક ચેતવણીઓની અવગણના કરી હતી. બીજી તરફ, યુકે મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ (યુકેએમટીઓ)એ પણ એક વેપારી જહાજ પર હુમલાની જાણ કરી છે.

દરમિયાન સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતે કતારના ગેસવાહક જહાજ 'અલ માયેદા'ને નિશાન બનાવવાની ઘટનાની નિંદા કરી છે. સાઉદી અરેબિયાએ વૈશ્વિક ઊર્જા પુરવઠા અને દરિયાઈ માર્ગોની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય પગલાં લેવાની માગ કરી છે. અગાઉ ઓમાન નજીક પણ એક ઓઈલ ટેન્કર પર વિસ્ફોટક હુમલો થયાના અહેવાલ સામે આવ્યા હતા.

વાઈબ્રન્ટ ગુજરાતમાં રોકાણ કરવા પ્રતિનિધિમંડળનો યુએઈ, કતાર અને ઓમાનનો પ્રવાસ

ગાંધીનગર,તા.૦૨

આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭'ની ૧૧મી આવૃત્તિ માટે રાજ્ય સરકારે વૈશ્વિક સ્તરે રોકાણકારોનો સંપર્ક ઝડપી બનાવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય અભિયાનના ભાગરૂપે ગુજરાત સરકારના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળે કતાર, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત



(યુએઈ) જેવા ગલ્ફ દેશોનો સફળ પ્રવાસ પૂર્ણ કર્યો હતો.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ લોચન સહેરાના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે દુબઈમાં વિવિધ ઉદ્યોગજૂથો અને રોકાણકારો સાથે મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી. આ બેઠકો દરમિયાન ઓઈલ અને ગેસ, લોજિસ્ટિક્સ, નાણાકીય સંસ્થાઓ, મેન્યુફેક્ચરિંગ તથા રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગુજરાતમાં ઉપલબ્ધ વિશાળ રોકાણની તકો અને ઉત્કૃષ્ટ માળખાકીય સુવિધાઓની વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

પ્રવાસ દરમિયાન દુબઈ મલ્ટી કોમોડિટીઝ સેન્ટરની મુલાકાત લઈ વેપાર અને કૌશલ્ય વિકાસમાં ભાગીદારી અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત ઈન્ડિયન પીપલ્સ ફોરમ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રવાસી ગુજરાતીઓ અને ભારતીય ઉદ્યોગકારો સાથે સંવાદ સાધી તેમને આગામી સમિટનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી આ સમિટમાં આ વખતે સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ફિનટેક, ગ્રીન એનર્જી, ડેટા સેન્ટર અને સ્પેસ ટેક્નોલોજી જેવા ઉભરતા ક્ષેત્રો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રાજ્ય સરકારે વૈશ્વિક રોકાણ આકર્ષવા ૨૨ દેશો અને દેશના ૮ મુખ્ય શહેરોમાં રોડ શૉ યોજવાનું આયોજન કર્યું છે.

દિવાળીના તહેવારને લઈ અમરેલી એસ.ટી. વિભાગે પરપ્રાંતિય શ્રમિકો માટે વધારાની બસો દોડાવી



મયુર પંડ્યા

અમરેલી, તા. ૦૨

દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રોજગારી અર્થે અમરેલી જિલ્લામાં વસવાટ કરતા પરપ્રાંતિય શ્રમિકો પોતાના વતન તરફ પ્રયાણ કરી રહ્યા છે. દિવાળીનો તહેવાર પોતાના પરિવારજનો સાથે ઉજવી શકાય તે માટે મોટી સંખ્યામાં શ્રમિકો વતન જવા નીકળતાં એસ.ટી. બસોમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. પરપ્રાંતિય મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને અમરેલી એસ.ટી. ડિવિઝન દ્વારા અલગ-અલગ ડેપોમાંથી વધારાની બસો દોડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં વિવિધ ઉદ્યોગો, બાંધકામ ક્ષેત્ર, કારખાનાંઓ તેમજ ખેતીકામમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો રોજગારી મેળવી રહ્યા છે. ખાસ કરીને દિવાળી જેવા મોટા તહેવારો દરમિયાન આ શ્રમિકો પોતાના વતન જઈ પરિવારજનો સાથે તહેવારની ઉજવણી કરવાનું પસંદ કરતા હોય છે. જેના કારણે દિવાળીના દિવસો નજીક આવતાં જ વતન જવા માટેની મુસાફરીમાં વધારો જોવા મળે છે.હાલમાં અમરેલી એસ.ટી. ડિવિઝન હેઠળ આવતા વિવિધ બસ ડેપોમાં પરપ્રાંતિય મુસાફરોની અવરજવર વધી છે. નિયમિત બસોમાં મુસાફરોની સંખ્યા વધતાં ભારે ટ્રાફિકની સ્થિતિ ઊભી થઈ રહી છે. મુસાફરોને મુસાફરીમાં મુશ્કેલી ન પડે અને સમયસર પોતાના વતન પહોંચી શકે તે હેતુથી એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસોનું આયોજન કરવામાં આવ્યું છે.દિવાળીના તહેવાર દરમિયાન મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને જરૂરિયાત મુજબ અલગ-અલગ ડેપોમાંથી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. આ વ્યવસ્થાના કારણે વતન જવા ઇચ્છતા શ્રમિકોને મુસાફરીની વધારાની સુવિધા મળી રહી છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતના વિવિધ રાજ્યોમાંથી અમરેલી જિલ્લામાં રોજગારી મેળવવા આવેલા શ્રમિકો દિવાળી નિમિત્તે પોતાના વતન તરફ જઈ રહ્યા છે.

કયા ડેપોમાંથી કેટલી બસ ઉપડશે

ડેપો	બસની સંખ્યા
» અમરેલી	૧૨
» બગસરા	૧૦
» ધારી	૧૦
» સા.કુંડલા	૧૦
» રાજુલા	૭
» ઉના	૭
» કોડીનાર	૭

એસ.ટી. વિભાગ દ્વારા તહેવારો દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને પહોંચી વળવા વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવતાં શ્રમિકોમાં રાહત જોવા મળી રહી છે. રોજગારી માટે ઘરથી દૂર રહેતા શ્રમિકો પણ દિવાળીનો પર્વ પોતાના પરિવાર અને સ્વજનો સાથે આનંદથી ઉજવી શકે તે માટે એસ.ટી. વિભાગની આ વ્યવસ્થા ઉપયોગી બની રહી છે.

વતન જવા પરપ્રાંતિય શ્રમિકોની વધતી ભીડને પગલે અલગ-અલગ ડેપોમાંથી એક્સ્ટ્રા બસોની વ્યવસ્થા, બસોમાં ભારે ટ્રાફિક જોવા મળ્યો

ધારી-ભાવનગર બસનો ડ્રાઈવર દારૂ પીધેલી હાલતમાં ઝડપાતા ખળભળાટ

અમરેલી એટીઆઈએ તાત્કાલિક બસમાંથી ઉતારી પોલીસને સોંપ્યો

અમરેલી,તા.૦૨

રાજય સરકાર દ્વારા સલામત સવારી એસ.ટી.સુત્ર અમલમાં મુક્યુ છે પરંતુ એસ.ટી.ના ડ્રાઈવરો આ સુત્રને ઘોળીને પી ગયા છે. પજેમાં દારૂ પી બસ ચલાવવી અમુક ડ્રાઈવરો માટે સામાન્ય બનવા પામ્યું છે. જેમાં ધારી ડેપોની ભાવનગર લોકલ બસમાં ડ્રાઈવર દારૂ પી બસ ચલાવતો હોવાની ફરિયાદ ઉઠતા અમરેલી એટીઆઈ દ્વારા ચકાસણી કરવામાં આવતા ડ્રાઈવરે દારૂ પીધો હોવાનું સાબિત થયું હતું. ધારી ડેપોની બસ નંબર ૪૯૯૭ ભાવનગર જવા માટે ઉપડી હતી ત્યારે ડ્રાઈવર કલ્પેશ ધનસુખભાઈ ત્રિવેદી પીધેલી હાલતમાં હોવાની શંકાના આધારે ફરજ પરના મહિલા કંડક્ટરે ધારી ડેપો મેનેજરને જાણ કરી હતી જેથી ધારી ડેપો મેનેજરે અમરેલી મેનેજરને જાણ કરી હતી. આ જાણકારી મળતા અમરેલી ડેપોમાં મશીન દ્વારા બ્રુથ એનેલાઈઝરથી ડ્રાઈવરને ચેક કરતા ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાનું જાણવા મળતા એટીઆઈએ તાત્કાલિક ૧૧૨ પોલીસમાં ફોન કરી ડ્રાઈવરને સોપેલ હતા. આ ઘટનાને વિભાગીય નિયામક ભાવેશ પટેલે પણ સમર્થન આપ્યું હતું અને જણાવ્યું હતું કે આવતીકાલે ડ્રાઈવરને સસ્પેન્ડ કરવામાં આવશે.

અમદાવાદ શહેરમાં ફરી ૬૧ બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા

અમદાવાદ,તા.૦૨



અમદાવાદ શહેરમાં ચંડોળા તળાવ વિસ્તારમાં ડિમોલિશનની કાર્યવાહી બાદ મોટા પ્રમાણમાં બાંગ્લાદેશી નાગરિકોને ઝડપી પાડી ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી બાદ ફરી એકવાર શહેરમાંથી અંદાજે ૬૧ બાંગ્લાદેશી નાગરિકો મળી આવ્યા છે. પ્રાથમિક તપાસમાં મોટાભાગની મહિલાઓનો સમાવેશ ધરાવતા આ નાગરિકો બોગસ દસ્તાવેજોના આધારે ભારતમાં પ્રવેશ્યા બાદ અમદાવાદમાં રહેતા હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે તંત્ર દ્વારા તમામની અટકાયત કરવામાં આવી છે. હાલ સંબંધિત વિભાગો દ્વારા તમામને તેમના વતન પરત મોકલવા એટલે કે ડિપોર્ટ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અમદાવાદના નરોડામાં લાકડીઓ અને ધોકા વડે યુવકની ઘાતકી હત્યા

અમદાવાદ,તા.૦૨



અમદાવાદના નરોડામાં આંબેડકરનગર પાસે આવેલા કર્મવીર હાઉસિંગ, દહેગામ પ્રધાનમંત્રી આવાસ યોજના નજીક ત્રણથી ચાર શખ્સોએ લાકડીઓ અને ધોકા વડે હુમલો કરી જતીન સોલંકી નામના યુવકની હત્યા કરી હતી. મૃતક નરોડાની સુમતિનાથ સોસાયટીનો રહેવાસી હતો. વહેલી સવારે સ્થાનિકોએ યુવકને લોહીલુહાણ હાલતમાં ફૂટપાથ પર પડેલો જોતા પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં નરોડા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક આશંકા મુજબ અંગત અદાવતમાં હત્યા થઈ હોવાનું મનાય છે. પોલીસે અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

સુરતમાં મોબાઈલ ફેંકી દેવાના વિવાદમાં ૨૨ વર્ષીય પુત્રીએ કૂકરના ઢાંકણા અને છરી વડે પિતાની હત્યા કરી

સુરત, તા.૦૨



સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં પારિવારિક સંબંધોને શર્મસાર કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઘરમાં કામકાજ બાબતે ૫૫ વર્ષીય રમેશસિંહ રાજપૂત અને તેમની ૨૨ વર્ષીય પુત્રી કાજલ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન પિતાએ ગુસ્સામાં આવીને પુત્રીનો મોબાઈલ જમીન પર ફેંકી દેતાં તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

મોબાઈલ ફેંકી દેવાથી ઉશ્કેરાયેલી પુત્રીએ કૂકરના ઢાંકણા વડે પિતાના માથા પર ઘા ઝીંક્યા હતા અને ત્યારબાદ પેટમાં છરીનો જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે લોહીલુહાણ થયેલા પિતાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકની પત્નીએ પોતાની જ પુત્રી સામે ફરિયાદ નોંધાવતા અમરોલી પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી પુત્રીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદના સાણંદમાં કળયુગી પિતાએ ૧૦ વર્ષના માસૂમ પુત્રની નિર્દયતાથી હત્યા કરી

અમદાવાદ,તા.૦૨



અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના વીંછિયા ગામમાં પિતાના પ્રેમને શર્મસાર કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અહીં નરેશ પટેલ નામના પિતાએ પોતાના જ ૧૦ વર્ષના માસૂમ પુત્રને ઘરની બહાર પછાડી લાકડીના ફટકા મારી નિર્મમ હત્યા કરી નાખી હતી. પુત્રને મોતને ઘાટ ઉતાર્યા બાદ હત્યારો પિતા મૃતદેહની બાજુમાં જ સૂઈ ગયો હતો. બનાવની જાણ થતાં જ સાણંદ પોલીસ અને ડીવાયએસપી નીલમ ગોસ્વામી ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે હત્યા માટે વપરાયેલી લાકડી જપ્ત કરી હત્યારા બાપની અટકાયત કરી છે તથા હત્યાના પાછળના કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં પ્રદૂષણ બોર્ડના અધિકારીઓ સાથે સેટલમેન્ટના નામે ૩.૩૦ લાખ માંગી ૩.૧ લાખ પડાવનાર બે ઝડપાયા

રાજકોટ,તા.૦૨



રાજકોટના શાપર વિસ્તારમાં આવેલી પંચનાથ ઓટો પ્રાઈવેટ લિમિટેડ કંપનીના માલિક પાસે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ના અધિકારીઓ સાથે ઓળખાણ હોવાનો દાવો કરી નાણાં પડાવવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ કંપની વિરુધ્ધ ખોટી અરજીઓ કરી, જીએસટી, ઈન્કમટેક્સ અને એટ્રોસિટી હેઠળ કેસ કરવાની ધમકી આપી રૂ.૩૦ લાખની માંગણી કરી હતી. માલિક પાસેથી બળજબરીપૂર્વક રૂ.૧ લાખ મેળવી લીધા બાદ વધુ નાણાં માટે ધમકી આપવામાં આવી હતી. આ મામલે શાપર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતાં લોકલ કાઈમ બ્રાન્ચે પ્રતાપ સોલંકી અને કંપનીના જ કર્મચારી ધીરૂ ચાવડાની ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ વિગતો મેળવવા તપાસ હાથ ધરી છે.

વડોદરામાં દિવાળી ટાણે સીએનજી અને પીએનજીના ભાવમાં વધારો

વડોદરા,તા.૦૨

વડોદરા ગેસ લિમિટેડ (વીજીએલ) દ્વારા આંતરરાષ્ટ્રીય ભાવવધારાને કારણે સીએનજીમાં પ્રતિ કિલો રૂ. ૧.૫૦ અને પીએનજીમાં પ્રતિ ઘનમીટર ૫૦ પૈસાનો વધારો કરાયો છે.

૧ નવેમ્બરથી લાગુ નવા દરોથી વાહનચાલકો અને સામાન્ય પરિવારોના માસિક બજેટ પર બોજ વધશે.

